# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>અભિનંદન</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના ફાઈનલ બી.ફાર્મ ના વિધાર્થી શ્રી વિક્રમ પટેલે તા. ૧૩–૧૫ ડીસેમ્બર ૨૦૦૮ દરમ્યાન ગર્વમેન્ટ મેડીકલ કોલેજ, સુરત દ્વારા આયોજીત Joint international conference of international society for heart research and international academy of cardiovascular sciences માં "No to atherosclerosis and Yes to homeostasis" વિષય ઉપર સંશોધન પત્ર પ્રદર્શિત કર્યુ. તેમણે આ સંશોધન પત્ર પ્રો. ડી.જે.સેન ના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યુ હતું. SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

# <u>પ્રેસ નોટ – ૨</u>

## <u>SSPC મહેસાણા ખાતે રકતદાન શિબિર યોજાઈ.</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૧૫/૧૨/૦૮ ના રોજ એન.એસ.એસ. યુનિટ, તથા આઈ.પી.એ. બ્રાન્ચ ના સંયુકત પ્રયાસો હેઠળ રકતદાન શિબિર યોજાઈ. જેમાં ૩૭ વિધાર્થીઓ તેમજ સ્ટાફમિત્રોએ સ્વૈસ્છિક કરતદાન કરી "રકતદાન એજ મહાદાન" ના સુત્રને સાર્થક કર્યુ હતું. આ શિબિરનું આયોજન પ્રો. આઈ.એસ.આનંદ, સહ પ્રા. સામ ડેનિયલ તથા પ્રા. ભાવિક પટેલે કર્યુ હતું.

# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>રાષ્ટ્રિ ફાર્મસી સપ્તાહની ઉજવણી</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા તથા Indian Pharmaceutical Association – Mehsana branch દ્વારા સંયુકત પણે તા. ૨૫/૧૧/૦૮ થી ૨૭/૧૨/૦૮ દરમ્યાન રાષ્ટ્રિય ફાર્મસી સપ્તાહની ઉજવણી કરવામાં આવી.

"Ask Your Pharmacist – For Sate Use of Prescription Medicines" ના વિષય અનુસંધાને કોલેજ ના આઘ્યાપકોએ આજુબાજુ ની ૧૨ જેટલી શાળા–કોલેજોમાં વ્યાખ્યાન આપી શ્રોતાજનોને દવા વિષયક માહિતી આપી તથા માહિતી–પત્રો તેમજ CD તૈયાર કરી રાજયની વિવિધ ફાર્મસી કોલેજો તથા શાળાઓમાં વહેંચણી કરવામાં આવી. સ્વૈચ્છિક કરત બેંક ના સહયોગથી કોલેજના હેલ્થ સેન્ટર ખાતે ૩૭ રકતદાતાઓએ રકતદાન કર્યુ હતું. ઉપરોકત વિષય ઉપર નિબંધ સ્પર્ધા તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરેલ અને વિજેતા વિઘાર્થીઓને રાજય કક્ષાની સ્પધામાં ભાગ લેવા પ્રોત્સાહિત કર્યા હતા.

# <u>પ્રેસ નોટ – ૨</u>

## <u>SSPC Youth Festival ની ઉજવણી</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા દ્વારા તા. ૧/૧/૦૯ થી ૨/૧/૦૯ ના રોજ દશાબ્દિ વર્ષ નિમિતે SSPC Youth Festival નું આયોજન કરવામાં આવેલ. જેમાં રાજય કક્ષાએ ટેબલ ટેનિસ તથા બેડમિન્ટન (સીગલ્સ) સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. રાજયની વિવિધ ૧૮ ફાર્મસી કોલેજોમાંથી ૧૦૩ સ્પર્ધકોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. જયારે રાજય કક્ષાએ આયોજીત સાંસ્કૃતિક સ્પર્ધામાં ૧૧ ફાર્મસી કોલેજમાંથી ૮૦ સ્પર્ધાકોએ વિવિધ સ્પર્ધા જેવી કે ગીત સ્પર્ધા, મિમિક્રી, શીઘ્ર વકતૃત્વ સ્પર્ધા તથા ગ્રુપ ડીસ્કશનમાં ભાગ લીધો હતો. દરેક સ્પર્ધામાં પ્રથમ અને દ્રિતિય વિજેતા વિઘાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર Youth Festival કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સી.એન.પટેલના માર્ગદર્શનથી પ્રાઘ્યાપકો–અઘ્યાપકો તથા સ્ટાફ મિત્રોના સહયોગથી સફળતા પૂર્વક પરિપુર્ણ થયો હતો.

પ્રતિ,

ઉદીચ્ય

ર્ડા. મનુભાઈ જી. પટેલ

શ્રી શિવાભાઈ ઉમેદભાઈ ગ્રંથાલય ભવન યુનિ. ગ્રંથાલય,

હેમ. ઉ. ગુ. યુનિ.,

પાટણ – ૩૮૪૨૬૫

વિષય : આપના સુપ્રસિધ્ધ સમાચાર પત્રમાં સંસ્થા સમાચાર વિશે પ્રેસનોટ પ્રકાશિત કરવા બાબત....

મે.સાહેબ,

સવિનય સાથે જણાવવાનું કે આ પત્ર સાથે સામેલ સંસ્થા સમાચાર વિશે પ્રેસનોટ પ્રકાશિત કરી આભારી કરશોજી.

બિડાણ :– પ્રેસનોટ – ૧ થી ૪

આપનો વિશ્વાસુ

(ર્ડા. સી.એન.પટેલ)

પ્રતિ,

વિષય : આપના સુપ્રસિધ્ધ સમાચાર પત્રમાં સંસ્થા સમાચાર વિશે પ્રેસનોટ પ્રકાશિત કરવા બાબત....

મે.સાહેબ,

સવિનય સાથે જણાવવાનું કે આ પત્ર સાથે સામેલ સંસ્થા સમાચાર વિશે પ્રેસનોટ પ્રકાશિત કરી આભારી કરશોજી.

બિડાણ :– પ્રેસનોટ – ૧ થી ૪

આપનો વિશ્વાસુ

(ડૉ. સી.એન.પટેલ)

# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>પી.એચ.ડી ડીગ્રી પ્રાપ્ત કરી</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના સહ પ્રા. શ્રી શૈલેષ ટી. પ્રજાપતિ એ ચાલુ વર્ષે હેમચંદ્રાચમર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી ખાતે “Studies in Design and Development of Floating Drug Delivery System” વિષય ઉપર પોતાનું મૌલિક સંશોધન રજુ કરી Ph.D ની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે. ડૉ. શૈલેષ ટી પ્રજાપતિ એ પોતાનું સંશોધન ડૉ. એલ.ડી.પટેલ (ડીન, ફેકલ્ટી ઓફ ફાર્મસી, ધરમસિંહ દેસાઈ યુનિવર્સિટી, નડીયાદ) ના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કર્યુ. આ સિધ્ધિ બદલ ડૉ. એસ.ટી.પ્રજાપતિ ને SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

# <u>પ્રેસ નોટ – ૨</u>

## <u>અભિનંદન</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના ખાતે તા. ૦૯/૦૧/૦૯ તથા ૧૦/૦૧/૦૯ દરમ્યાન ગુજકોસ્ટ, ગાંધીનગર દ્રારા અનુધનિત રાજયકક્ષાના સંશોધન પત્ર હરીફાઈમાં ચતુર્થ વર્ષ બી.ફાર્મના વિધાર્થી નિતિન પંચાલ તથા વિધાર્થીની ખુશાલી શાહે અનુક્રમે ફાર્માકોલોજી તથા ફાર્માકોગ્નોસી વિભાગમાં પ્રથમ સ્થાન તથા કોલેજના અનુસ્નાતક વિધાર્થી જતિન પટેલે કલીનીકલ ફાર્મસી વિભાગમાં દ્રિતિય સ્થાન પ્રાપ્ત કર્યુ. વિજેતા વિધાર્થીઓને SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ ખાતે ૧૩૬ સંશોધનપત્રો રજુ કરાયા</u>

શ્રી સાર્વજનિક ફાર્મ”સી કોલેજ, મહેસાણા ખાતે કોલેજની દશાબ્દિ વર્ષ ઉજવણી ભાગ રૂપે તા. ૦૯/૦૧/૦૯ તેમજ ૧૦/૦૧/૦૯ ના રોજ GUJCOST (ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર) દ્વારા અનુદાનિત રાજયકક્ષાની સંશોધનપત્રોની હરીફાઈ યોજાઈ. જેમાં ગુજરાતની વિવિધ ૨૭ ફાર્મસી કોલજોમાંથી ૧૩૬ જેટલા સ્નાતક તથા અનુસ્નાતક વિધાર્થીઓએ ભાગ લઈ ફાર્માસ્યુટિકસ એન્ડ ટેકનોલોજી, ફાર્મા.એનાલિસીસ, ફાર્મા. કેમેસ્ટ્રી, ફાર્માકોગ્નોસી તથા હોસ્પિટલ એન્ડ કલીનીકલ ફાર્મસી જેવા વિવિધ વિભાગોમાં પોતાના મૌલિક સંશોધનપત્રો રજુ કર્યા. ઉદઘાટન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે ર્ડા. બી.જી.પટેલ (કુલપતિશ્રી, સરદાર પટેલ યુનિવસિર્ટી, વલ્લભ વિધાનગર) ઉપસ્થિત રહી પોતના વકતત્વમાં સાંપ્રત સમયમાં ભારતનો વૈશ્વિક સંશોધનોમાં નહિવત ફાળો હોવાનું જણાવી સંશોધનોમાં વધુને વધુ ભાગ લઈ ભારતનું નામ રોશન કરવા યુવાનોને હાંકલ કરી. આ સમારોહમાં અતિથી વિશેષ તરીકે પ્રિ. એસ.એસ.પંડયા (બાબરીયા ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્મસી, વડોદરા) તથા પ્રમુખ તરીકે પીઢ શિક્ષણ શાસ્ત્રી એવા શ્રી જે.એમ.ચૌધરી (માનંદ મત્રી, શ્રી સાર્વજનિક કેળવણી મંડળ, મહેસાણા) ઉપસ્થિત રહી વિધાર્થીઓને પ્રેરણા આપી. આ હરિફાઈમાં રાજયની વિવિધ ફાર્મસી કોલેજોમાંથી આતંરરાષ્ટ્રિય લેવલે નમાંકિત ૧૨ વિષય નિષ્ણાતોએ રજુ કરાયેલ પત્રોનું મુલ્યાકંન કરી વિજેતા વિધાર્થીઓને ઈનામ તથા પ્રમાણપત્રથી નવાજયા હતા. સમાપન સમારોહમાં મુખ્ય મહેમાન તરીકે પ્રો. એચ.એચ.મિશ્રા (ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માકોગ્નોસી, એમ.એસ.યુનિવસિર્ટી ઓફ બરોડા, વડોદરા) એ ઉપસ્થિત રહી વિધાર્થીઓના પ્રયત્નોની શાબ્દિક પ્રશંસા કરી હતી. અતિથી વિશેષ તરીકે શ્રી ડી.જે.ચૌધરી (મંત્રી, શ્રી સાર્વજનિક કેળવણી મંડળ, મહેસાણા) તથા પ્રમુખ તરીકે શ્રી આર.એ.ખમાર (ઉપપ્રમુખ, શ્રી સાર્વજનિક કેળવણી મંડળ, મહેસાણા) એ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું. આ પ્રસંગે ૧૩૬ સંશોધન પત્રોને સંપાદિત કરી મહામહિમ રાજયપાલશ્રી નવલ કિશોર શર્મા, મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તથા અન્ય મહાનુભાવોના શુભ સંદેશ સહિત Scientific Abstract Book પ્રકાશિત કરવામાં આવી.

આ સુયોજીત હીફાઈનું સંચાલન પ્રિ. સી.એન.પટેલના માર્ગદર્શન હેઠળ પ્રો. આઈ.એસ.આનંદ તેમજ સહપ્રા. ડી.એમ.પટેલે સમગ્ર સ્ટાફમિત્રોની મદદથી સફળતા પૂર્વક પાર પાડયું હતું.

# પ્રેસ નોટ – ૧

## શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ ધ્વારા રેડ રિબન કલબની સ્થાપના

શ્રી સાર્વજનિક ફામ”સી કોલેજ, મહેસાણા ખાતે તા. ૧૨/૦૧/૦૯ રાષ્ટ્રિય યુવાદિન ના રોજ એન.એસ.એસ. યુનિટ દ્રારા યંગ સીટીઝન ગ્રુપ, મહેસાણાના સહયોગથી રેડ રિબન કલબની સ્થાપના કરવામાં આવી. જિલ્લા સમાહર્તા શ્રી અજય ભાદુ, જિલ્લા પોલિસ અધિક્ષક શ્રી રાજુ ભાર્ગવ, હેમ.ઉ.ગુ.યુનિ. ના એન.એસ.એસ. કો.ઓર્ડીનેટર શ્રી જે.ડી.ડામોર તથા સંસ્થાના મંત્રી શ્રી દિલિપભાઈ ચૌધરી દ્રારા ઉદઘાટિત કલબના મુખ્ય ઉદેશયો HIV/AIDS જાગૃતિ, બેટી બચાવો જાગૃતિ તેમજ પોષણ માહિતી જેવા પ્રસાર કાર્યો છે. આ પ્રસંગે પ્રાધ્યાપકો, યંગ સીટીઝન ગ્રુપના કાર્યકરો, રાજય તથા જિલ્લાકક્ષાના આરોગ્ય ખાતાના પદાધિકારીઓ તેમજ વિધાર્થીઓ હાજર રહયા હતા.

## પ્રેસ નોટ – ૧

### શૈક્ષણિક પ્રવાસ યોજાયો

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા દ્વારા Environment & Disaster Management વિષય અંતગર્ત S.Y.B.Pharm ના વિધાર્થીઓ માટે શૈક્ષણિક પ્રવાસ તા. ૨૪/૦૧/૦૯ થી ૨૭/૦૧/૦૯ દરમ્યાન યોજાયો. આ પ્રવાસ દરમ્યાન ૫૫ વિધાર્થીઓએ દીવ, સોમનાથ, જુનાગઢ, વિલિંગ્ડન જળાશય યોજના, વીરપુર નળ સારોવર જેવા ધાર્મિક સ્થળોની મુલાકાત લઈ દરીયાઈ જૈવ વિવિધતા તથા મુલાકાતી પક્ષીઓની વિવિધ જાતિ–પ્રજાતિ થી પરિચિત થયા હતા. આ પ્રવાસનું સફળ આયોજન પ્રિ. સી.એન.પટેલ ના માર્ગદર્શન હેઠળ પ્રા. ભાવિક પટેલ, પ્રા. મનિષ પટેલ તથા પ્રા. ચિરાગ રામીએ કર્યુ હતું.

## પ્રેસ નોટ – ૨

### Picnic Cum Education યોજાઈ

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા દ્વારા તા. ૩૧/૦૧/૦૯ ના રોજ 1st Sam B.Pharm ના વિધાર્થીઓ માટે Picnic Cum Education Tour યોજાઈ. જેમાં ૫૧ વિધાર્થીઓએ માઉન્ટ આબુ તથા આસપાસના વિસ્તારોની મુલાકાત લઈ અરવલ્લી ગિરીમાળાની વિવિધ વનસ્પતિઓની ઓળખ તથા તેના વૈધકીય મુલ્યોથી પરિચિત થયા હતા. આ પ્રવાસનું સફળ આયોજન પ્રિ. સી.એન.પટેલ ની પ્રેરણાથી સહ પ્રા. મૌલિક મહેતાએ કર્યુ હતું.

## પ્રેસ નોટ – ૩

### એનિમલ ઈથિક્સ કમિટીની મિટીંગ યોજાઈ

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૦૫/૦૨/૦૯ ના રોજ Institutional Animal Ethics Committee ની મિટીંગ યોજાઈ. જેમાં ચેરમેન ડૉ. સી.એન.પટેલ, CPCSEA પ્રતિનિધી ડૉ. મહેશ પરીખ, જાણીતા પક્ષીવિદ ડૉ. એમ.આઈ.પટેલ, પ્રો. જે.બી.દવે, પ્રો. આઈ.એસ.આનંદ તથા અન્ય સભ્યોએ હાજર રહી સંશોધનમાં પ્રાણીઓની વપરાશ તેમની કાળજી બાબતે તેમજ સંશોધનાત્મ ચર્ચાઓ કરી.

# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>સંશોધન પત્રો રજુ થયા</u>

શ્રી સાર્વજનિક ફામ"સી કોલેજ, મહેસાણા ના M.Pharm (Pharmaceutical Chemistry) માં અભ્યાસ કરતા બોની શાહ, પરીમલ પ્રજાપતિ, નમન દોશી તથા ઈશાન પંચાલ એ તા. ૦૬/૦૨/૦૯ થી ૦૮/૦૨/૦૯ દરમ્યાન ડીપાર્ટમેન્ટ ઓફ કેમેસ્ટ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવસિર્ટી દ્રારા રાષ્ટ્રિય કક્ષાએ"Green Chemistry" વિષય ઉપર આયોજીત કોન્ફરન્સ માં પોતાના મૌલિક સંશોધન પત્રો રજુ કર્યા. આ સંશોધન મત્રો તેમણે પ્રો. ધ્રુબો જયોતિ સેન ના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યા હતા. આ સિઘ્ધી બદલ SSPC પરિવાર તરફથી અભિનંદન.

# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>રકતઘટ પરીક્ષણ કાર્યક્રમ યોજાયો</u>

શ્રી સાર્વજનિક ફામ" સી કોલેજ હેલ્થ સેન્ટર તથા NSS યુનિટ તથા ABVP મહેસાણા દ્વારા તા. ૯/૨/૦૯ ના રોજ મહેસાણા જિલ્લા ના મેવડ ગામમાં કરતઘટ પરીક્ષણ કેમ્પ યોજાયો. આ કાર્યક્રમમાં ગામના ૧૫૦ ગ્રામજનો તેમજ વિધાર્થીઓના રકતઘટનું પરીક્ષણ કરવામાં આવ્યુ. તેમજ અલ્પ પ્રમાણમાં જોવા મળતા રકતઘટ ધરાવતા લોકોની યાદી મેવડ ગ્રામ પંચાયતમાં સુપ્રત કરવામાં આવી.

## **<u>પ્રેસ નોટ – ૧</u>**

## **<u>ઔધોગિક પ્રવાસ યોજાયો</u>**

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના એમ.ફાર્મ સેમ. ૨ ના ૪૦ વિધાર્થીઓ માટે તા. ૧૧/૦૨/૦૯ ના રોજ ટોરેન્ટ રીસર્ચ સેન્ટર, ભાટ , ગાંધીનગર ખાતે ઔધોગિક પ્રવાસ યોજાયો. વિધાર્થીઓએ મેડીસનલ ડ્રગ્સ એન્ડ ડીસ્કવરી, એનાલીટીકલ ડ્રગ્સ લેબોરેટરી, ફોરમ્યુલેશન ડેવલોપમેન્ટ, બાયોઈકવીવેલેન્સ સ્ટડી જેવા વિભાગોની મુલાકાત લઈ દવાક્ષેત્રે ચાલતા નવિન સંશોધનો વિશે વિસ્તૃત માહિતી મેળવી. આ પ્રવાસનુ સફળ સંચાલન પ્રિ. સી.એન.પટેલ ની પ્રેરણાથી પ્રો. જે.બી.દવે, પ્રો. આઈ.એસ.આનંદ, પ્રો. ડી.જે.સેન, સહ પ્રા. ફી.એમ.પટેલ, સહ પ્રા. એસ.ટી.પ્રજાપતિ તથા સહ પ્રા. સામ ડેનીયલે કર્યુ.

## **<u>પ્રેસ નોટ – ૨</u>**

## **<u>અભિનંદન</u>**

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના પ્રિન્સિપાલ ડૉ. સી.એન.પટેલે હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિવસિર્ટીમાં ફાર્મસી વિભાગના ડીન, યુનિવસિટૃ સેનેટ (કોર્ટ) મેમ્બર, તથા યુનિવસિર્ટીની કાર્યકારીણી સમિતિના (સિન્ડીકેટ) મેમ્બર તેમજ ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલના કાર્યકારિણી સમિતિના મેમ્બર તરીકે વરણી થયા બદલ SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

## **<u>પ્રેસ નોટ – ૩</u>**

## **<u>અભિનંદન</u>**

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના પ્રોફેસર ડૉ. જે.બી.દવે ની Indian Pharmaceutical Association ની ગુજરાત બ્રાન્ચના General Secretary તરીકે વરણી થવા બદલ SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

## **<u>પ્રેસ નોટ – ૪</u>**

## **<u>કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો</u>**

શ્રી સાવ”જનિક ફામ”સી કોલેજ, મહેસાણા ખાતે તા. ૧૩/૦૨/૦૯ ના રોજ Institute of Clinical Pharmacy (INDIA), ICRI ના રીજીયોનલ મેનેજર શ્રી સંજય શાહ, માર્કેટીગ એકઝયુકયુટીવ શ્રી રીધમ શાહે ભારતમાં કલીનીકલ રીસર્ચ ક્ષેત્રે ઉજળા વિકાસની તકો, તથા વધતી જતી નોકરીઓની માંગ તથા ICRI દ્વારા અપાતી ટ્રેનિંગ વિશે કોલેજના એમ.ફાર્મ તથા બી.ફાર્મ ના વિધાર્થીઓને માર્ગદર્શન પુરૂ પાડયુ હતું. આ સેમિનાર નું સફળ સંચાલન પ્રા. આઈ.એસ.આનંદે કર્યુ અતું.

# પ્રેસ નોટ – ૧

## વિવિધ પરીસંવાદ માં ભાગ લીધો

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના પ્રો. જે.બી.દવે, પ્રો. ડી.જે.સેન તથા સહ પ્રા. એચ.યુ.પટેલ તા. ૧૩ ફેબ્રુઆરી થી ૧૪ ફેબ્રુઆરી ૨૦૦૯ દરમ્યાન શ્રી એસ.કે.પટેલ ઓફ ફાર્માસ્યુટીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ, ગણપત યુનિવર્સિટી ખાતે આયોજીત "Impurity Profiling and Bio-analytical Method Development" વિષય ઉપરના રાષ્ટ્રિય કક્ષાના બે દિવસીય પરીસંવાદ માં ભાગ લીધો તથા પ્રો. જે.બી.દવે એ "Impurity Profiling: IP Perspective Vis a Vis other Pharmacopeias" વિષય નિષ્ણાંત રૂપે વ્યાખ્યાન આપ્યુ.

એલ.એમ.કોલેજ ઓફ ફાર્મસી દ્વારા "Recent Advance in Drug Design: Tools For New Drug Discovery" વિષય પર તા. ૨૦–૨૧ ફેબ્રુઆરી ૨૦૦૯ દરમ્યાન આયોજીત બે દિવસીય પરીસંવાદમાં પ્રો. ડી.જે.સેન, સહ પ્રા. એચ.યુ.પટેલ તથા પ્રા. સી.એસ.રામી એ ભાગ લીધો.

માલીબા ફાર્મસી કોલેજ, બારડોલી દ્વારા "Statistical Design of Experiments: Concept & Applications in Pharmaceutical Research" વિષય ઉપર તા. ૨૧–૨૨ ફેબ્રુઆરી ૨૦૦૯ દરમ્યાન રાષ્ટ્રિય કક્ષાએ આયોજીત પરીસંવાદમાં સહ પ્રા. ડી.એમ.પટેલ, સહ પ્રા. એસ.ટી.પ્રજાપતિ તથા એમ.ફાર્મ ફાર્માસ્યુટિકસ ના વિધાર્થીઓએ ભાગ લીધો.

NIPER, મોહાલી દ્વારા તા. ૨૦–૨૨ ફેબ્રુઆરી ૨૦૦૯ દરમ્યાન આયોજીત Symposium on Clinical Research & Trainig માં પ્રો. આઈ.એસ.આનંદ તથા સહ પ્રા. પી.એસ.ડેનિયલે ભાગ લઈ વિષયાનુલક્ષી વિવિધ બાબતોનું ગહણ ચિંતન કર્યુ હતું.

# પ્રેસ નોટ – ૨

## અભિનંદન

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના પ્રોફેસર ડૉ. ધ્રુબો જયોતિ સેને રોયલ સોસાયટી ઓફ કેમેસ્ટ્રી, કેમ્બ્રીજ, ઈંગ્લેન્ડ તરફથી મૌલિક સંશોધન હેતુ સર ૨૦૦૦ પાઉન્ડ (આશરે ૧,૫૦,૦૦૦) જેટલી માતબર રકમ મેળવી છે. જે બદલ પ્રિ. સી.એન.પટેલ તથા SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજમાં રાષ્ટ્રિય સેમિનાર યોજાયો</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૨૮/૦૨/૦૯ ના રોજ વિશ્વ વિજ્ઞાન દિવસ તથા કોલેજની દશાબ્દિ વર્ષ ઉજવણી નિમિતે Indian Council of Medical Research દ્વારા અનુદાનિત, કોલેજ તથા Association of Pharmacy Teachers of India- Gujarat State દ્વારા સહઆયોજીત "Discovery & Development of New Chemical Entity and Product Development : Expanding Horizons in Pharmaceutical Industry" વિષય ઉપર એક દિવસીય રાષ્ટ્રિય કક્ષાનો સેમીનાર સંપન્ન થયો. જેમાં ૧૬ કોલેજો તથા ૩ ફાર્મા. ઈન્ડસ્ટ્રીસમાંથી ૧૦૦ જેટલા સ્પધર્કોએ ભાગ લઈ પોતાના જ્ઞાનમાં વધારો કર્યો હતો. આ સેમીનારમાં સન ફાર્મા એડવાન્સન્ડ રિસર્ચ સેન્ટર, વડોદરા ના ડૉ. ટી. રાજમન્નાર (Director-Executive VP) તથા ડૉ. અજય ખોપાડે (રિસર્ચ સાયન્ટિસ્ટ), ઝાયડસ રીસર્ચ સેન્ટર, અમદાવાદ ના ડૉ. મુકુલ જૈન (હેડ, ફાર્માકોલોજી તથા ટોકિસકોલોજી ડીપાર્ટમેન્ટ) તથા ડૉ. તનુજા કુલશ્રેષ્ઠા (હેડ, કવોલિટી એશ્યયોરન્સ), ટોરેન્ટ રીસર્ચ સેન્ટર, ગાંધીનગર ના ડૉ. રમેશ ગુપ્તા (હેડ, મેડીસીનલ કેમેસ્ટ્રી ડીપાર્ટમેન્ટ) તથા Ethicare Clinical Research ના ડૉ. મિલન સતીઆ (સીફ એકઝીકયુટીવ ઓફીસર) એ અલગ અલગ વિષય ઉપર વ્યાખ્યાનો આપ્યા.

આ સેમિનાર નું આયોજન ડૉ. એસ.ટી.પ્રજાપતિએ કોલેજના અન્ય સ્ટાફ મિત્રોની મદદથી સફળતાપૂર્વક કર્યુ.

# <u>પ્રેસ નોટ – ૨</u>

## <u>હાર્દિક અભિનંદન</u>

શ્રી સાર્વજનિક કેળવણી મંડળ, મહેસાણા ના મંત્રી શ્રી દિલિપભાઈ જેઠાભાઈ ચૌધરીનો હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિવસિર્ટીની વહીવટીય કામગીરી કરતી તથા યુનિવસિર્ટીની સીન્ડીકેટ કહેવાતી કારોબારી સમિતીમાં રસાકસી ભરેલ ચુંટણીમાં ભારે બહુમતીથી વિજય થયેલ છે. આ સાથે તેઓશ્રી છેલ્લા ધણા વર્ષોથી કારોબારી સભ્ય તરીકે વંચિત રહેલ મહેસાણા પંથકના પ્રતિનીધી તરીકે ચુંટાઈ આવવા બદલ શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજના પ્રિન્સિપાલ તથા યુનિવસિર્ટી ના ફાર્મસી ફેકલ્ટીના ડીન ડૉ. સી.એન.પટેલ તથા સમગ્ર પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>ફાર્મસી કોલેજ નું ગૌરવ</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ની વિદ્યાર્થીની કુ. વારીયા દિપાલી અનિલકુમારે માર્ચ–જૂન ૨૦૦૮ દરમ્યાન હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિવસિર્ટી દ્વારા લેવાયેલ બી.ફાર્મની પરિક્ષામાં Phyto Pharmaceuticals વિષયમાં સમગ્ર યુનિવસિર્ટીમાં સૌથી વધુ ગુણ મેળવી ડૉ. જી.સી.ભાવસાર સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરવા બદલ પ્રિ. સી.એન.પટેલ તથા સમગ્ર SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

# પ્રેસ નોટ – ૧

## વિદાય સમારંભ યોજાયો

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૧૨/૦૩/૦૯ ના રોજ ચતુર્થ વર્ષ બી.ફાર્મ તથા ચતુર્થ સેમીસ્ટર એમ.ફાર્મ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાઈ ગયો. શ્રી સાર્વજનિક કેળવણી મંડળ ના મંત્રીશ્રી દિલિપભાઈ ચૌધરીએ ચાલુ સાલે હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવનારી પરિક્ષામાં ઉચ્ચ ટકાવારી તેમજ વ્યવસ્યાયિક ક્ષેત્રે પ્રગતિ હાસંલ કરવા શુભેસ્છાઓ આપી હતી. પ્રિ. સી.એન.પટેલે પોતાના પ્રસંગોચિત ઉદબોધનમાં વિદ્યાર્થીઓને આજના હરિફાઈ યુકત યુગમાં પોતાનો બુધ્ધિક્ષમતા તથા પરિશ્રમના સહારે આગળ વધી વ્યવસ્યાયિક, સામાજીક તથા રાષ્ટ્રિય જવાબદારીઓ નિભાવવાની હાસંલ કરી હતી.

# પ્રેસ નોટ – ૨

## અભિનંદન

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના Final Year B.Pharm માં અભ્યાસ કરતા કુલ ૧૫ વિધાર્થીઓ એ M.Pharm માં એડમિશન મેળવવા માટે દર વર્ષે રાષ્ટ્રિય કક્ષાએ આયોજીત GATE-09 (Graduate Aptitude Test for Engineering) માં ઉચ્ચ ટકાવારી હાસલ કરેલ છે. જેમાં વિશાલ પટેલ, નવનિત પ્રજાપતિ તથા વિક્રમ પટેલે અનુક્રમે ૯૯.૨૯, ૯૭.૩૬ તથા ૯૬.૪૧ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધારેલ છે. આ સિધ્ધી બદલ તેઓને પ્રિ. સી.એન.પટેલ તથા SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

# પ્રેસ નોટ – ૩

## શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજનું ગૌરવ

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના Final Year B.Pharm માં અભ્યાસ કરતા વિધાર્થી વિક્રમ વિષ્ણુભાઈ પટેલે તા. ૦૮/૦૩/૦૯ થી ૧૧/૦૩/૦૯ દરમ્યાન યુનિવર્સિટી ઓફ ફલોરીડા, યુ.એસ.એ. દ્વારા આતંર રાષ્ટ્રિય કક્ષાએ આયોજીત "10th Annual Florida Heterocyclic and Synthetic Conference" ખાતે ભાગ લઈ "Synthetic Conference" ખાતે ભાગ લઈ "Synthesis of Substituted Triazolopyrrole Fused Ring Adduct with Benzylidene piperidyl uera/ thiourea Bridge and Screening for CNS Depression" વિષય ઉપર પોતાનું મૌલિક સંશોધન પત્ર રજુ કરેલ છે. આ કોન્ફરન્સમાં દેશ–વિદેશ થી આશરે ૪૦૦ જેટલા પ્રતિનીધીઓએ ભાગ લીધેલ જેમાં Nobel Prize વિજેતાઓ તથા ખ્યાતનામ વિજ્ઞાનીઓનો પણ સમાવેશ થાય છે. આ સંશોધન પત્ર તેમણે વિધી પટેલ ના સહયોગ તથા પ્રો. ધ્રુબો જયોતિ સેન ના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ છે. શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ છેલ્લા ઘણા વર્ષો થી વિધાર્થીઓ પોતાના સંશોધનોને આંતરરાષ્ટ્રિય કક્ષાએ પ્રદર્શીત કરે છે. આ સિધ્ધી બદલ સંસ્થાના પ્રિ. સી.એન.પટેલ તથા સંસ્થા ગૌરવની લાગણી અનુભવે છે.

# પ્રેસ નોટ – ૪

## સંશોધન પત્ર રજુ કર્યુ

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના પ્રાધ્યાપક શ્રી કમલ મોઢે તા. ૧૪/૦૩/૦૯ થી તા. ૧૫/૦૩/૦૯ દરમ્યાન નવી દિલ્હી ખાતે રાષ્ટ્રિય કક્ષાએ આયોજીત "Indian Congress of Pharmacy & Pharmaceutical Sciences 2009 and Indian Pharmaceutical Association Convention 2009" માં "A Correlation Study of Obesity Indicators with Diabetes Mellitus" વિષય ઉપર પોતાનું મૌલિક સંશોધનપત્ર રજુ કર્યુ. જેમાં દેશભરથી આશરે ૩૦૦ જેટલા પ્રતિનિધીઓ હાજર રહેલ હતા. આ સંશોધનપત્ર તેમણે એમ.ફાર્મના વિધાર્થી રૂચિર દવે ના સહયોગ તથા પ્રો. આઈ.એસ.આનંદ તેમજ સહ પ્રા.સામ ડેનિયલ ના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલ હતું. આ સિધ્ધી બદલ પ્રિ. સી.એન.પટેલ તથા SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>Staff Development Programme માં ભાગ લીધો</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના સહ પ્રાધ્યાપક શ્રી બદમનામન રામલિંગમે તા. ૦૨/૦૩/૦૯ થી ૧૮/૦૩/૦૯ દરમ્યાન JSS College of Pharmacy, Ooty ખાતે, પ્રાધ્યાપક શ્રી હિતેશ કરેને તા. ૦૯/૦૩/૦૯ થી ૧૮/૦૩/૦૯ દરમ્યાન S.K.Patel College of Pharmaceutical Education and Research, Ganpat University ખાતે અને પ્રાધ્યાપક શ્રી ભાવિક પટેલ તેમજ શ્રી બિભુરંજન પાનિગ્રહીએ તા. ૧૬/૦૨/૦૯ થી ૨૮/૦૨/૦૯ દરમ્યાન Poona College of Pharmacy, Pune ખાતે All Indian Council of Technical Education (AICTE) ન્યુ દિલ્હી દ્વારા અનુદાનિત Staff Development Programme તથા Quality Improvement Programme માં ભાગ લીધો.

# <u>પ્રેસ નોટ – ૨</u>

## <u>અભિનંદન</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના સહ પ્રાધ્યાપક શ્રી બદમનાબન રામલિંગમ Gujarat Council on Science and Technology (GUJCOST), ગાંધીનગર દ્વારા અંતગર્ત Minor Research Project “Pre-Clinical Studies on Bottle Gourd Leaf as a Herbal Remedy for Hepatofoxicity” વિષય ઉપર સંશોધન કરવાના હેતુ સભર ૩૫,૦૦૦ રૂા. ની સંશોધન ગ્રાંટ મેળવવા બદલ પ્રિ. સી.એન.પટેલ તથા સમગ્ર સમગ્ર SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

## <u>પ્રેસ નોટ – ૧</u>

### <u>ફાર્મસી કોલેજમાં Orientation Programme યોજાયો</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૧૫/૬/૦૯ ના રોજ નવીન સત્રના પ્રારંભ સમયે તૃતિય બી.ફાર્મ તથા ચતુર્થ બી.ફાર્મ ના વિધાર્થીઓ માટે Orientation Programme યોજાયો. જેમાં કોલેજના પ્રિ. સી.એન.પટેલ તથા સિનીયર પ્રોફેસર્સ તથા પ્રાધ્યાપકોએ વિધાર્થીઓને કારકિર્દી વિષયક માહિતી તથા યુનિર્વસીટી કક્ષાએ દરેક ક્ષેત્રોમાં આગવી હરોળમાં રહેવાનો સંદેશ આપ્યો હતો.

## <u>પ્રેસ નોટ – ૨</u>

### <u>ફાર્મસી કોલેજમાં સેમિનાર યોજાયો</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૨૪/૬/૦૯ ના રોજ Indian Pharmaceutical Association-Student’s Forum ના પ્રતિનીધીઓ દ્વારા સેમિનાર યોજાયો. જેમાં શ્રી આશિષ ઠક્કર તથા શ્રી ચિરાગ જોષી (Acharya & B. M. Reddy College of Pharmacy, Bangalore) એ Student’s Forum વિવિધ ગતિવિધીઓ તેમજ વિધાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન પુરૂ પાડયું. આગામી દિવસોમાં બેંગ્લોર ખાતે યોજાનર રાષ્ટ્રીય કક્ષાના અધિવેશનમાં હાજરી આપવા અનુરોધ કર્યો હતો. આ સેમિનારમાં કોલેજના ૬૦ વિધાર્થીઓ તેમજ સ્ટાફમિત્રોએ હાજરી આપી હતી. સેમિનારનું સફળ આયોજન તેમજ સંચાલન પ્રો. આઈ.એસ.આનંદે કર્યુ હતું.

# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>સાર્વજનિક ફાર્મસી કોલેજનું ગૌરવ</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના ચતુર્થ વર્ષ બી.ફાર્મના વિધાર્થીઓ વિશાલ વેકરીયા, દીપેન પટેલ તથા નવનીત પ્રજાપતિએ ચાલુ વર્ષે National Institute of Pharmaceutical Education & Research (NIPER) દ્વારા રાષ્ટ્રિય સ્તરે યોજાતી પ્રવેશ પરિક્ષામાં અનુક્રમે ૨૫૫, ૩૩૩ તથા ૫૪૩ ક્રમાંક પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધારેલ છે. ૧૫ વિધાર્થીઓએ આ પરિક્ષા આપેલ જે પૈકી ૧૪ વિધાર્થીઓ ઉચ્ચ ક્રમાંક સાથે ઉતિર્ણ થયેલ છે. દેશ ભરમાં કેન્દ્રીય સ્તરે ચાલતી ૭ જેટલી NIPER સંસ્થામાં ચાલતા M.Pharm, MS તેમજ MBA અભ્યાસ ક્રમોમાં તેઓ પ્રવેશ મેળવવાને પાત્ર બને છે. તમામ ઉતિર્ણ વિધાર્થીઓને પ્રિ. સી.એન.પટેલ તથા SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

# પ્રેસ નોટ – ૧

## સાર્વજનિક ફાર્મસી કોલેજ દ્વારા મહા રકતગટ નિદાન કેમ્પ યોજાયો

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના એન.એસ.એસ. યુનિટ અને હેલ્પ સેન્ટર ના સંયુકત પ્રયાસ તથા અખિલ ભારતીય વિધાર્થી પરિષદ, મહેસાણાના સહયોગથી તા. ૦૯/૦૭/૦૯ તથા ૧૦/૦૭/૦૯ ના રોજ મહેસાણા શહેરની ૧૮ માઘ્યમિક અને ઉચ્ચતર માઘ્યમિક શાળાઓ તથા કોલેજમાં મહા રકતગટ નિદાન કેમ્પ યોજાયો. જેમાં આશરે ૩૦૫૦ વિધાર્થી–વિધાર્થીનીઓ ના રકત નું પરિક્ષણ કરી રકતગટ નિદાન કરી તેનું મહત્વ સમજાવવામાં આવ્યું. આ મહાકેમ્પ પ્રિ. સી.એન.પટેલ ની પ્રેરણાથી તથા શ્રી દર્શનભાઈ ગુંજાલ, વિભાગ સંગઠન મંત્રી, એ.બી.વી.પી. ના માર્ગદર્શન હેઠળ કોલેજના પ્રાઘ્યાપકશ્રીઓ તેમજ તૃતિય વર્ષ બી.ફાર્મના વિધાર્થીઓ એ સફળતા પુર્વક પાર પાડયું હતું.

## પ્રેસ નોટ – ૧

### સેમિનારમાં ભાગ લીધો

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના પ્રાધ્યાપક ડૉ. ઈન્દરમીત સીંગ આનંદે ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી દ્વારા “Value Education in 21st Century” વિષય ઉપર આયોજીત એક દિવસીય રાષ્ટ્રીય સેમીનારમાં ભાગ લીધો. જેમાં યુનિવર્સિટીના અલગ અલગ અભ્યાસ કેન્દ્રોમાંથી તજજ્ઞઓએ ભાગ લઈ ઓપન યુનિવર્સિટીમાં ચલાવાતા વિષયોનું ગહન ચિંતન કર્યુ હતું. ડૉ. આનંદ શ્રી સાર્વજનિક ફેળવણી મંડળ સંચાલિત અભ્યાસ કેન્દ્રના સહસંયોજક તરીકેની જવાબદારીનું વહન કરે છે.

## પ્રેસ નોટ – ૨

### ફાર્મસી કોલેજ ખાતે રકતદાન કેમ્પ યોજાયો

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૧/૮/૦૯ ના રોજ શ્રી સાર્વજનિક કેળવણી મંડળના સ્થાપના દિવસ નિમિતે કોલેજના IPA યુનિટ તથા NSS યુનિટ દ્વારા હેલ્પ સેન્ટર તથા વોલન્ટરી બ્લડ બેંક, વિસનગર ના સહયોગથી રકતદાન કેમ્પ યોજાયો. જેમાં કેળવણી સંકુલની વિવિધ સ્કુલ–કોલેજો ના ૬૯ વિધાર્થીઓ, શિક્ષકો તેમજ અધ્યાપકોએ રકતદાન કરી માનવીય સુત્ર બાંધવાનો પ્રયાસ કર્યો હતો.
આ કેમ્પ પ્રિ. સી.એન.પટેલની પ્રેરણાથી પ્રા. આઈ.એસ.આનંદ, સહ પ્રા. સામ ડેનિયલ તથા પ્રા. ભાવિક પટેલના અથાગ પરિક્ષમથી પરિપુર્ણ થયો હતો.

## પ્રેસ નોટ – ૩

### ફાર્મસી કોલેજ ખાતે વ્યાખ્યાન યોજાયું

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૪/૮/૦૯ ના રોજ શ્રી દર્શનભાઈ ગુંજાલ, વિભાગ સંગઠન મંત્રી, ABVP મહેસાણા વિભાગ દ્વારા “Role of Youth for Development of Nation” વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું. જેમાં વર્તમાન સમયમાં થઈ રહેલ પાશ્ચાત્ય સંસ્કૃતિના આંધળા અનુકરણ તેમજ રાષ્ટ્રના વિકાસમાં યુવા શકિતનો ઉપયોગ વિશે ચિંતન કર્યુ હતું. આ વ્યાખ્યાનમાં ૬૦ વિધાર્થીઓ તેમજ અધ્યાપકો હાજર રહયા હતા.

## પ્રેસ નોટ – ૧

## સાર્વજનિક ફાર્મસી કોલેજ ખાતે Orientation Programme યોજાયો

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૭/૮/૦૯ ના રોજ 1st Semester B.Pharm ના વિધાર્થીઓ માટે Orientation Programme યોજાયો. જેમાં પ્રિ. સી.એન.પટેલ તથા અન્ય પ્રાધ્યાપકો દવારા ફાર્મસી ક્ષેત્ર સ્કોપ, અભ્યાસકિય તેમજ સંશોધનાત્મક કાર્ય માટે સંસ્થાની સગવડો તેમજ નીતિ નિયમો વિશે માહિતી આપી. શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૧૦/૮/૦૯ ના રોજ 1st Semester M.Pharm ના વિધાર્થીઓ માટે Orientation Programme શ્રી જેઠાભાઈ ચૌધરી (માનદ મંત્રી, શ્રી સાર્વજનિક કેળવણી મંડળ) ના પ્રમુખ પદે યોજાયો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ર્ડા. નીરવ ગાંધી (ડાયરેકટર, એકયુટેસ્ટ ઈન્ડિયા પ્રાઈવેટ લીમીટેડ, અમદાવાદ), મુખ્ય વકતા તરીકે ર્ડા. એમ.એમ.પટેલ (પ્રિન્સિપાલ, કલોલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્મસી, કલોલ) તેમજ શ્રી દિલિપભાઈ ચૌધરી (મંત્રી, શ્રી સાર્વજનિક કેળવણી મંડળ) એ આંમત્રિત મહેમાન તરીકે હાજર રહી ગુજરાત ટેકનોલોજીકલ યુનિર્વસીટી દ્વારા પ્રવેશ મેળવેલ વિધાર્થીઓને ફાર્મસી ક્ષેત્રમાં વિકાસ પામતાં સંશોધનોની સમજ આપી સંશોધન ને રોજ બરોજ ના જીવનમાં સમાવેશ કરવાની સમજ આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, કોલેજને ચાલુ વર્ષે નવી ૧૬ બેઠકોની મંજુરી મળતા વિવિધ વિષયોની કુલ ૫૬ બેઠકો થયેલ છે. આ સમગ્ર પ્રોગ્રામનું સંચાલન સહપ્રાધ્યાપક ર્ડા. એસ.ટી.પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યુ હતું.

## પ્રેસ નોટ – ૨

## ફાર્મસી કોલેજ માં કારકિર્દી માર્ગદર્શન સેમિનાર યોજાયો

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૪/૮/૦૯ ના રોજ PT Education ના પ્રતિનીધી શ્રી ધીમંત સંધાડીયા દ્વારા “Career Guideline after Graduation” ના વિષય ઉપર વ્યાખ્યાન યોજવામાં આવ્યું. જેમાં કોલેજના T.Y.B.Pharm તથા Final B.Pharm ના આશરે ૧૦૦ વિધાર્થીઓએ હાજર રહી પોતાની કારકિર્દીને આજના સમયની માંગ અનુસાર ઘડવાની પ્રેરણા મેળવી હતી.

## પ્રેસ નોટ – ૩

## ફાર્મસી કોલેજ માં કોન્ફરન્સમાં ભાગ લીધો

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના 3rd Semester B.Pharm ના વિધાર્થી શ્રી દ્રોણ મોદીએ પ્રજાપિતા વિશ્વ વિધાલય દ્વારા જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ ખાતે તા. ૨૬/૦૭/૦૯ થી ૩૦/૭/૦૯ દરમ્યાન “Mind, Body – Medicine” વિષય ઉપર આયોજીત 17th National Conference on Medical Science માં ભાગ લઈ વિવિધ જીવલેણ રોગોના ક્ષેત્રમાં ચાલતા સંશોધનો તથા નવીન વિચારોનું આદાનપ્રદાન કર્યુ હતું.

## પ્રેસ નોટ – ૪

## ફાર્મસી કોલેજ માં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના થર્ડ સેમીસ્ટર બી.ફાર્મના ૭૦ વિધાર્થીઓ દ્વારા કોલેજ તથા આજુબાજુના વિસ્તારમાં ૧૦૦ જેટલા જુદાજુદા વૃક્ષોનુ વૃક્ષારોપણ કરીને હરિયાળી ક્રાંતિનો સંદેશો પ્રજા સમક્ષ રજૂ કરેલ. પ્રિ. સી.એન.પટેલની પ્રેરણાથી સાર્વજનિક ફાર્મસી કોલેજના એન.એસ.એસ તથા આઈ.પી.એ. યુનિટ દ્વારા સરસ અને સુયોજીત રીતે પ્રોગ્રામની શરૂઆત તથા પૂર્ણાહુતી કરવામાં આવી હતી.

# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>ફાર્મસી કોલેજ ખાતે જ્ઞાનગોષ્ઠિ યોજાઈ</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૭/૮/૦૯ ના રોજ વિદ્યાર્થીઓ ની ડૉ. પ્રશાંત દેસાઈ (ડાયરેકટર, સ્પાન ડાયગ્નોસ્ટિક લીમીટેડ, સુરત) સાથે જ્ઞાન ગોષ્ઠિ સેમીનાર યોજાયો. જેમાં ૬૦ વિદ્યાર્થીઓએ વિવિધ વિષયો જેવા કે Immunodiagnosis, Swine Flu જેવા સાંપ્રત વિષયો ઉપર તબકકાવાર જ્ઞાન મેળવ્યુ. આ સેમીનારમાં કેન્દ્ર સરકારશ્રી દ્રારા નામાંકિત ડૉ. મહેશ પરીખ તેમજ પ્રો. આઈ.એસ.આનંદ તથા અન્ય પ્રાઘ્યાપકો હાજર રહયા હતા.

# પ્રેસ નોટ – ૧

## સાર્વજનિક ફાર્મસી કોલેજનું ગૌરવ

શ્રી સાર્વજનિક કેળવણી મંડળ મહેસાણા ખાતે તા. ૧/૮/૦૯ ના રોજ માનનીય શ્રી જેઠાભાઈ ચૌધરી ના અઘ્યક્ષ સ્થાને મંડળના સ્થાપના દિન ની ઉજવણી કરવામાં આવી. જેમાં શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજના પ્રો. ધ્રુબો જયોતિ સેન તથા સહ પ્રાઘ્યાપક શ્રી બદમનાબન આર. ને ઉત્કૃષ્ટ સંશોધન કાર્ય હેતુ ગ્રાન્ટ મેળવવા બદલ તથા સહ પ્રાઘ્યાપક ડૉ. એસ.ટી.પ્રજાપતિ ને ડોકટરેટ પદવી હાંસલ કરવા બદલ શાલ ઓઢાડીને જાહેર સન્માન કરવામાં આવેલ. વઘુમાં કોલેજની વિઘાથીૃની કું. વિભા ચંપાવત ને હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિર્વસિટી દ્રારા માર્ચ–જૂન ૨૦૦૯ દરમ્યાન લેવાયેલ ફાઈનલ બી.ફાર્મ ની પરિક્ષામાં યુનિર્વસિટી કક્ષાએ પ્રથમ ક્રમાંક હાસંલ કરવા બદલ રૂા. ૨૨,૫૦૦/– ના રોકડ પુરસ્કાર સ્વરૂપે મંડળની સર્વમુખે વખાણાયેલી સ્કોલરશીપ યોજનાનો લાભ આપવામાં આવ્યો હતો.ભ

# પ્રેસ નોટ – ૨

## ફાર્મસી કોલેજ ખાતે વ્યાખ્યાન યોજાયું

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૨૭/૮/૦૯ ના રોજ ડૉ. રાહુલ પટેલ (સ્કુલ ઓફ ફાર્મસી, ટાસ્માનિયા, યુનિર્વસિટી, ઓસ્ટ્રેલીયા) “Basics and Applications of HPLC in Pharmaceuticals” વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું. જેમાં કોલેજના 1st Sem. M. Pharm ના વિઘાર્થીઓ તથા B.Pharm ના વિઘાર્થીઓ સહીત ૭૦ વિઘાર્થીઓ તથા અઘ્યાપકોએ HPLC સીસ્ટમ ની ફાર્મસી ક્ષેત્રે ઉપયોગીતા વિષે સમજ મેળવી હતી.

# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>સાર્વજનિક ફાર્મસી કોલેજ ના સહયોગથી મેડીકલ કેમ્પ યોજાયો</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા તથા AMPTEL Engineering Pvt. Ltd., વિસનગર ના સંયુકત પ્રયત્નોથી છેલ્લા ૮ વર્ષથી જેમ ચાલુ વર્ષે પણ નાલંદા વિદ્યા સંકુલ, ઉમતા ખાતે અંબાજી પદયાત્રીઓની સેવા અર્થે મેડીકલ કેમ્પનું આયોજન તા. ૨૮ થી ૩૧ ઓગસ્ટ ૨૦૦૯ દરમ્યાન કરવામાં આવ્યું. જેમાં કોલેજના ૪૦ વિદ્યાર્થીઓએ નિષ્ઠા પૂર્વક ભાગ લઈ પદયાત્રીઓને સહાય, દવા વિતરણ તેમજ પદયાત્રા વિષયક સંશોધન હેતું પ્રશ્નાવલીના પ્રત્યુતર લીધા હતા. આ કેમ્પ થકી ગોઝારીયા, વિસનગર તથા મહેસાણા ખાતે ૨૦૦૦ થી વધુ પદયાત્રીઓએ હકારાત્મક પ્રતિભાવ આપ્યો. જેના સંશોધનાત્મક તારણો ટુક સમયમાં પ્રકાશિત કરવામાં આવશે.

## પ્રેસ નોટ – ૧

### સાર્વજનિક ફાર્મસી કોલેજ ખાતે વિદાય સમારંભ યોજાયો

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૩/૦૯/૦૯ ના રોજ પ્રોફેસર ડૉ. ડી.એમ.પટેલ નો વિદાય સમારંભ યોજાયો જેમાં પ્રિ. સી.એન.પટેલ તથા અન્ય પ્રાધ્યાપકો તેમજ સમગ્ર સ્ટાફ મિત્રો એ હાજર રહી ડૉ. ડી.એમ.પટેલ ને શ્રીફળ–સાકર તેમજ ભેંટ આપી તેમના સેવાકાળ દરમ્યાન કોલેજની પ્રગતિમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાનની કદર કરી હતી. ડૉ. ડી.એમ.પટેલ પારૂલ ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી, વડોદરા ખાતે પ્રિન્સિપાલ તરીકે નિયુકિત પામેલ છે. આ પ્રસંગે શ્રી સાર્વજનિક કેળવણી મંડળના માનનીય મંત્રીશ્રી જેઠાભાઈ ચૌધરી તથા મંત્રીશ્રી દિલિપભાઈ ચૌધરીએ પણ તેમને આગામી સમય માટે શુભેસ્છા આપી હતી.

## પ્રેસ નોટ – ૨

### સાર્વજનિક ફાર્મસી કોલેજમાં Teacher’s Day ઉજવણી કરાઈ

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૫/૦૯/૦૯ ના રોજ દેશના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાક્રિશન ની જન્મ જંયતિ નિમિતે દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ Teacher’s Day ની ઉજવણી કરાઈ. જેમાં કોલેજના વિધાર્થીઓ એ સ્વઅધ્યનન અંતગર્ત શૈક્ષણિક કાર્ય સંભાળ્યુ તથા મુખ્યમંત્રીશ્રી ના વિધાર્થી જોગ ઉદ્દબોદનમાં ભાગ લીધો હતો. વિધાર્થીઓએ મોટી સંખ્યામાં Pharma Quiz તથા Talent Show માં પોતાની બૌધિક ક્ષમતાનું પ્રર્દશન કર્યુ. પ્રાધ્યાપકો માટે પણ One Minute પ્રોગ્રામ નું આયોજન કરી પોતાના કૃતજ્ઞભાવ રજુ કર્યા. દિવસના અંતે સૌ વિજેતા વિધાર્થીઓ તથા પ્રાધ્યાપકો ને ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતાં.

## પ્રેસ નોટ – ૩

### અભિનંદન

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના લેકચરર શ્રીમતિ પુર્વી પરમાર એ ૮–૯ સપ્ટેમ્બર ૨૦૦૯ દરમ્યાન બરોડા કોલેજ ઓફ ફાર્મસી તથા ઈન્ડિયન ફાર્માસ્યુટિકલ એસોસિયેશન, વડોદરા બ્રાન્ચ દ્રારા સંયુકત પણે રાષ્ટ્રિય કક્ષાના “Innovations in Pharmaceutical Research” વિષય પર આયોજીત પરિસંવાદ માં ભાગ લઈ “Best Paper Presentation” નો એવોર્ડ જીતવા બદલ પ્રિ. સી.એન.પટેલ સહીત સમગ્ર SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

## પ્રેસ નોટ – ૧

### સાર્વજનિક ફાર્મસી ના પ્રોફેસરને "Jewel of India" પુરસ્કાર

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના પ્રાધ્યાપક ડૉ. ધ્રુબો જ્યોતિ સેન નું Indian Solidarity Council, New Delhi દ્વારા તા. ૧૪/૦૯/૦૯ ના રોજ સંસદ ના Speaker's Hall ખાતે વર્ષ ૨૦૦૯ માટેનું "Jewel of India" પુરસ્કાર દ્વારા સન્માન કરવામાં આવ્યું. આ પુરસ્કાર વિવિધ ક્ષેત્રો માં વિરલ સિધ્ધિઓ મેળવવા બદલ તેમજ ઉત્કૃષ્ટ યોગદાન પ્રદાન કરવા બદલ આપવામાં આવે છે. પ્રો. ધ્રુબો જ્યોતિ સેન ને SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

## પ્રેસ નોટ – ૨

### સાર્વજનિક ફાર્મસી કોલેજ ખાતે રમતોત્સવ સંપન્ન થયો

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૧૪/૦૯/૦૯ થી ૧૮/૦૯/૦૯ દરમ્યાન "રમતોત્સવ" નું આયોજન કરાયું. જેમાં વિવિધ સ્પર્ધાઓ જેવી કે ક્રિકેટ, વોલીબોલ, ટેબલટેનીસ, બેડમિન્ટન, કેરમ, ચેસ તથા ખેલકુદ સ્પર્ધાઓ જેવી કે દોડ, રીલેદોડ, ગોળાફેંક, ચક્રફેંક, ઉંચીકુદ, લાંબીકુદ તથા રસ્સા ખેંચ જેવી સાંગિક રમતો માં વિધાર્થી–વિધાર્થીનીઓ એ મોટી સંખ્યામાં ભાગ લઈ પોતાના કૌશલ્યનું શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ હતું. પ્રથમ આવનાર ખેલાડીઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવ્યાં.

## પ્રેસ નોટ – ૩

### સાર્વજનિક ફાર્મસી કોલેજ ખાતે ગરબા મહોત્સવ યોજાયો.

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૧૮/૦૯/૦૯ ના રોજ ગરબા મહોત્સવ "Pharma Ramzat 2009" નું આયોજન કરાયું. જેમાં અતિથિ વિશેષ તરીકે શ્રી જેઠાભાઈ પટેલ (ડાયરેકટર, ન્યુ પ્રોગ્રેસિવ એજયુકેશન ટ્રસ્ટ, મહેસાણા), પ્રિ.ધનશ્યામભાઈ ગઢવી (શ્રીમતિ એ.એસ.ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમસાયન્સ કોલેજ, મહેસાણા) તથા પ્રિ.શરદભાઈ વ્યાસ (જે.એમ.ચૌધરી સાર્વજનિક વિધાલય, મહેસાણા) હાજર રહયા હતા. આ મહોત્સવમાં વિધાર્થીઓએ ભાતીગળ વેશભુષા સાથે અવનવી રીતથી ગરબાનું ઉત્કૃષ્ટ સ્ટાઈલ પ્રદર્શન કર્યુ હતું. તથા ઉત્કૃષ્ટ વેશભુષા, ઉત્કૃષ્ટ સ્ટાઈલ તેમજ શ્રેષ્ઠ જોડી ને ઈનામો આપી નવાજયા હતાં. જેમાં ડૉ. અંજુબેન સુરાના (પ્રા.મહિલા આર્ટસ કોલેજ) તથા શ્રી દિનેશભાઈ પટેલે (પ્રા.સાર્વજનિક એમ.એડ કોલેજ) જજ તરીકે સેવા આપી હતી.

## પ્રેસ નોટ – ૪

### સાર્વજનિક ફાર્મસી કોલેજ ખાતે ભૂતપુર્વ વિધાર્થીઓનો મેળાવડો યોજાયો.

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૧૮/૦૯/૦૯ ના રોજ ભૂતપુર્વ વિધાર્થીઓનો મેળાવડો પ્રિ.સી.એન.પટેલ ના અધ્યક્ષ સ્થાને યોજાયો જેમાં વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત તથા ઉચ્ચ અભ્યાસ કરતા ભૂતપૂર્વ વિધાર્થીઓ હાજરરહી વર્તમાન વિધાર્થીઓ તથા પ્રાધ્યાપકશ્રીઓ સાથે સંગોષ્ઠિ કરી હતી. આ પ્રસંગે યુનિવર્સિટી કક્ષાની પરીક્ષામાં બી.ફાર્મ તેમજ એમ.ફાર્મ સ્તરે પ્રથમ, દ્રિતિય તેમજ તૃતીય સ્થાન પ્રાપ્ત કરનાર વિધાર્થીઓનું સુવર્ણ મંડિત ચંદ્રકોથી સન્માન કરાયું. કોલેજની દશાબ્દિ વર્ષ ઉજવણી નિમિતે સાર્વજનિક કેળવણી મંડળ દવારા ફાર્મસી કોલેજના દરેક વિધાર્થીઓ તેમજ પ્રાધ્યાપકોને ૧૦ ગ્રામના ચાંદીના સિકકા આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

## પ્રેસ નોટ – ૧

### સાર્વજનિક ફાર્મસી કોલેજનું ગૌરવ

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના ચતુર્થ વર્ષ બી.ફાર્મ ના વિધાર્થી હાર્દિક પટેલ તા. ૧૩–૧૪ નવેમ્બર ૨૦૦૯ દરમ્યાન ઈન્ડિયન ફાર્માસ્યુટીકલ એસોશીયેશન–વિધાર્થી શાખા, ગુજરાત પાંખ (IPA-SF, Gujarat wing) તથા એસ.કે.પટેલ કોલેજ ઓફ ફાર્માસ્યુટીકલ એજયુકેશન એન્ડ રીચર્સ દ્વારા સંયુકત પણે ઓયોજીત "Pharma GujFest-09" માં પોતાનું મૌલિક સંશોધનપત્ર રજુ કરી તૃતિય ક્રમાંક મેળવવા બદલ SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન. આ સંશોધન પત્ર પ્રા.બિભુરંજન પાનીગ્રહી ના માર્ગદશન હેઠળ.

## પ્રેસ નોટ – ૨

### ફાર્મસી કોલેજ ખાતે વ્યાખ્યાન યોજાયું

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૧૮/૧૧/૦૯ ના રોજ કોલેજની વ્યાખ્યાનમાળા ના ભાગરૂપે ડૉ. એમ.ટી.છાબરીયા, આસી.પ્રોફેસર, એલ.એમ.કોલેજ ઓફ ફાર્મસી, અમદાવાદ દ્વારા "Combinatorial Chemistry" વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું. સાથે સાથે ગહન ચિંતક, મુકત વિચારક તથા જાણીતા કટાર લેખક શ્રી અરૂણભાઈ યાર્દી દ્વારા "The Importance of being Youth" વિષય ઉપર પણ વ્યાખ્યાન યોજાયું. જેમાં કોલેજના તૃતિય વર્ષ, ચતુર્થ વર્ષ તથા એમ.ફાર્મ ના આશરે ૧૦૦ જેટલા વિધાર્થીઓ તેમજ સ્ટાફ મિત્રો હાજર રહી વિજ્ઞાન ની સાથે પ્રેરક પ્રવચન થકી રાષ્ટ્ર નિર્માણમાં પોતાની જવાબદારીને સારી પેઠે જાણી હતી.

## **પ્રેસ નોટ – ૧**

## **સાર્વજનિક ફાર્મસી કોલેજ ખાતે Thalassemia Camp યોજાયો**

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા.૨૬/૧૧/૨૦૦૯ ના રોજ કોલેજના હેલ્થ સેન્ટર તથા IPA યુનિટ દ્વારા Indian Redcross Society, Ahmedabad ના સહયોગથી "Thalassemia Camp" યોજાયો. જેમાં કોલેજના 1st Sem. B.Pharm તથા M.Pharm ના ૯૦ વિદ્યાર્થીઓએ પોતાના રકતની પરિસ્થિતી જાણી હતી. આ પ્રસંગે તજજ્ઞ શ્રી નિલેશભાઈ ભારતીય એ Thalassemia મેજર તેમજ માઈનોર અને સિકલ સેલ એનેમિયા વિશે વિસ્તૃત ચર્ચા વિદ્યાર્થીઓ સાથે કરી હતી.

# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>અભિનંદન</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના ગૌરવ સમાન ડૉ. ધ્રુબ્રો જયોતિ સેન (પ્રોફેસર, ફાર્માસ્યુટીકલ કેમેસ્ટ્રી) ને ઈન્ડિયન સોસાયટી ફોર ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટેલેકચ્યુલ ડેવલોપમેન્ટ, ન્યુ દિલ્લી દ્વારા "Individual Achievements & Intellectual Excellence National Development" વિષય ઉપરના રાષ્ટ્રીય લેવલના સેમીનાર દરમ્યાન તા. ૨૫/૧૧/૦૯ ના રોજ પોતાના કાર્યક્ષેત્રમાં ઉમદા પ્રદર્શન બદલ "રાષ્ટ્રીય વિધા જયોતિ એવોર્ડ" મેળવવા બદલ SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

# <u>પ્રેસ નોટ – ૨</u>

## <u>અભિનંદન</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના પ્રો. ધ્રુબ્રો જયોતિ સેન ને International Institute of Education & Management, New Delhi દ્વારા પોતાના કાર્યક્ષેત્રમાં ઉત્કૃષ્ટ ઉપલબ્ધિઓ મેળવવા બદલ તા. ૨૪/૧૧/૦૯ ના રોજ "રાષ્ટ્રીય વિધા સરસ્વતી પુરસ્કાર" મેળવવા બદલ SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

# પ્રેસ નોટ – ૧

## સાર્વજનિક ફાર્મસી કોલેજનું ગૌરવ

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના આસી.પ્રોફેસર શ્રીમતિ હર્ષા ઉમેશ પટેલે પ્રો.બી.એન.' સુહાગીયા, હેડ, ડિપાર્ટમેન્ટ ઓફ ફાર્માસ્યુટિકલ કેમેસ્ટ્રી, એલ.એમ.કોલેજ ઓફ ફાર્મસી, અમદાવાદ ના સબળ માર્ગદર્શન હેઠળ "Studies in Analytical Method Development of Some Antihypertensive Agents in Bulk and Pharmaceutical Formulation" વિષય ઉપરના શોધ નિબંધ ને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી એ માન્ય રાખી Ph.D ની ડિગ્રી એનાયત કરેલ છે. ડાૅ. હર્ષા પટેલે તેમના ૧૦ સંશોધન પત્રો વિવિધ રાષ્ટ્રિય તેમજ આંતર રાષ્ટ્રિય જર્નલ્સ માં પ્રકાશિત કરેલ છે. આ સિધ્ધી બદલ તેઓશ્રીને SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

## <u>પ્રેસ નોટ – ૧</u>

### <u>સાર્વજનિક ફાર્મસી કોલેજ દ્વારા સંશોધન પત્રો રજુ કરાયા</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકશ્રીઓ દ્વારા તા. ૧૧/૧૨/૦૯ થી ૧૩/૧૨/૦૯ દરમ્યાન નિરમા યુનિર્વસીટી, અમદાવાદ ખાતે યોજાયેલ "Indian Pharmaceutical Congress-2009" માં કુલ ૧૮ સંશોધન પત્રો રજુ કર્યા. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઉધ્ઘાટિત આ કોન્ફરન્સમાં દેશ–વિદેશ થી નામાંકિત વિજ્ઞાનીઓ, શિક્ષણ વિદો તથા વિધાર્થીઓએ ૨૮ જેટલાં સાંપ્રત વિષયો પરના વ્યાખ્યાનો તથા ૨૯૫ જેટલાં ઔધોગિક એકમો દ્વારા યોજાયેલ પ્રદર્શનમાં ભાગ લીધો. પ્રિ.સી.એન.પટેલ, પ્રો.જે.બી.દવે તથા પ્રો.આઈ.એસ.આનંદે વિવિધ વૈજ્ઞાનીક સત્રોમાં ચેરમેન તથા કો–ચેરમેન જેવી જવાબદારી નિભાવી તેમજ કોલેજના પ્રાધ્યાપકો અને ૬૧ વિધાર્થીઓએ સ્વયંસેવક તરીકે સેવા આપી હતી. વધુમાં કોલેજના મોટા ભાગના વિધાર્થીઓ તથા અધ્યાપકોએ આ ત્રિ–દીવસીય કોન્ફરન્સ ની મુલાકાત લીધી હતી.

## <u>પ્રેસ નોટ – ૨</u>

### <u>સાર્વજનિક ફાર્મસી કોલેજ ખાતે વ્યાખ્યાન યોજાયું</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૨૩/૧૨/૦૯ ના રોજ (Dr. M. Chandra Sekar, Associate Professor, University of Findlay, Ohio, USA) દ્વારા "Five Decades of Phosphoinositides" વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું. હાલમાં ભારતના પ્રવાસે આવેલા ડાૅ.ચંદ્ર શેકરે આ વિષય ઉપરના મુળભૂત સંશોધનના પોતાના ૩૦ વર્ષના બહોળા અનુભવો વિધાર્થીઓ તેમજ અધ્યાપક મિત્રો સાથે આદાન–પ્રદાન કર્યા હતા. તેમજ કોલેજના Clinical Pharmacy ક્ષેત્રમાં સંશોધનમાં વિવિધ ક્ષિતિજો વિષે પૂર્ણ દિવસ ચર્ચા સત્ર રૂપે માર્ગદર્શન આપ્યુ.

# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>સાર્વજનિક ફાર્મસી કોલેજનું ગૌરવ</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે ચતુર્થ વર્ષ બી.ફાર્મમાં વિદ્યાર્થી કુશલ વિમલકુમાર પરીખે તા. ૧૯/૧૨/૦૯ તથા ૨૦/૧૨/૦૯ રોજ વણીકર કલબ, મહેસાણા ખાતે યોજાયેલ રાજ્ય કક્ષાની ઓપન ટેબલટેનીસ ટુર્નામેન્ટમાં Men's Singles Open તથા Men's Doubles Open શ્રેણીમાં અનુક્રમે કર્વાટર ફાઈનલ તથા સેમીફાઈનલ સુધી પહોંચવા બદલ SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>ફાર્મસી વિષયક જાહેર પ્રદર્શન</u>

શ્રી સાર્વજનિક કેળવણી મંડળ સંચાલીત શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા તથા Indian Pharmaceutical Association, Mehsana Branch દ્વારા રાષ્ટ્રિય ફાર્મસી સપ્તાહ અંતર્ગત ઔષધ વિષયક પ્રદર્શન તા. ૩૦/૧૨/૦૯ થી ૩૧/૧૨/૦૯ દરમ્યાન સવારે ૯:૦૦ થી સાંજે ૫:૦૦ વાગ્યા સુધી કમળા બા હોલ ખાતે આયોજીત થયેલ છે, જેમાં ફાર્મસી ક્ષેત્રો ની તકો, ઔષિધ અને રોગ વિષયક માહિતી, તથા ઔષધ ઉત્પાદનમાં ઉપયોગી સાધનો તથા ટેકનોલોજી વિશેની માહિતી સામેલ છે. આથી વિધાર્થીઓ તથા જાહેર જનતા ને આ પ્રદર્શનનો લાભ લેવા વિનંતી કરવામાં આવે છે.

# **પ્રેસ નોટ – ૧**

## **શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજનો ઔધોગિક પ્રવાસ યોજાયો**

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા દ્વારા તા. ૯/૧/૧૦ તથા તા. ૧૩/૧/૧૦ ના રોજ અનુક્રમે ટી.વાય બી.ફાર્મ તથા ફાઈનલ બી.ફાર્મ ના વિધાર્થીઓ માટે Lincoln Pharmaceuticals Ltd., Kalol તથા Sakar Healthcare Ltd, Ahmedabad ખાતે ઔધોગિક પ્રવાસ યોજાયો. જેમાં વિધાર્થીઓ એ વિવિધ વિભાગો જેવા કે Tablets, Capsules, Liquid તથા Parenteral Formulation ની મુલાકાત લઈ દવાઓ વિશેની નવી Technology થી વાકેફ થયા હતા.

# **પ્રેસ નોટ – ૨**

## **શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ દ્વારા સંશોધન પત્રો રજુ થયા**

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે ચતુર્થ વર્ષ બી.ફાર્મ માં અભ્યાસ કરતા કુંજલ પટેલ, પ્રાંજલ દવે, ચિરાગ ઠકકર તથા કીરણ પટેલ એ તા. ૧૫/૧/૧૦ થી ૧૮/૧/૧૦ દરમ્યાન Central Drug Research Institute (CDRI), Lucknow ખાતે Indian Society of Chemistry & Biologists, Lucknow દ્વારા આયોજીત $14^{th}$ ISCB International Conference માં પોતાના ૪ મૌલિક સંશોધન પત્રો પ્રદર્શીત કર્યા. આ સંશોધન પત્રો તેમણે ડૉ. ડી.જે.સેન તથા પ્રો. હિતેશ કરેણ ના સબળ માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યા હતાં.

# પ્રેસ નોટ – ૧

## શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજમાં રાષ્ટ્રિય સેમીનાર યોજાયો

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૧૧/૦૨/૧૦ ના રોજ Council on Scientific & Industrial Research (CSIR), New Delhi દ્વારા અનુદાનિત “Regulatory and Industry Perspective on GMP and GLP in India Vis a Vis Developed Countries” વિષય ઉપર એક દીવસીય રાષ્ટ્રિય પરિસંવાદ યોજાયો. ૧૨ ફાર્માસ્યુટીકલ ઈન્ડસ્ટ્રીઝ માંથી ૩૦ તથા ૧૪ ફાર્મસી કોલેજોમાંથી ૧૦૪ જેટલાં પ્રતિનિધીઓએ હાજર રહી આમંત્રિત વકતાઓ સાથે Good Manufacturing Practice તથા Good Laboratory Practice ઉપર વિસ્તૃત જ્ઞાનગોષ્ઠિ માં ભાગ લીધો. માનનીય શ્રી જેઠાભાઈ ચૌધરી (માનંદ મંત્રી, શ્રી સાર્વજનિક કેળવણી મંડળ, મહેસાણા), શ્રી હેમંત કોશીયા (Commissioner, FDCA, Gujarat) તથા ડૉ. રામકીશન (Asst. Drug Controller, CDSCO, New Delhi) દ્વારા ઉદ્દઘાટીત પરિસંવાદ માં પ્રિ. સી.એન.પટેલ એ આમંત્રિત મહેમાનો તથા વકતાઓનો પરિચય આપ્યો જેમાં ડૉ. જે.બી.દવે (PG Director, Shri Sarvjanik Pharmacy College, Mehsana), શ્રી એસ.જી.બેલાપુરે (Zydus Cadila), ડૉ. એ.કે.શ્રીવાસ્તવા (Cadila Pharma) તથા શ્રી હિતેન શાહ (Torrent Research Centre) જેવા વિષય નિષ્ણાતો એ પોતાના વકતવ્યો દ્વારા લાભાર્થીઓને મંત્રમુકત કર્યા હતા. આ સમગ્ર પરિસંવાદ નું આયોજન તથા સંચાલન ડૉ. જે.બી.દવે, પ્રો. આઈ.એસ.આનંદ તથા પ્રો. એસ.ટી.પ્રજાપતિ એ કર્યુ હતું.

# પ્રેસ નોટ – ૨

## શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજમાં "પંચામૃત–૨૦૧૦" કાર્યક્રમ યોજાયો

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૧૩/૦૨/૧૦ ના રોજ વાર્ષિકદિન "પંચામૃત–૨૦૧૦" (વિદાય સમારંભ, ઈનામ વિતરણ, વાલી મીટીંગ, એલ્યુમિની–સ્ટુડન્ટ, સ્ટાફ વાર્તાલાપ, સાંસ્કૃતિક કાર્યક્રમો)ની ઉજવણી કરવામાં આવી. જે પૈકી કોલેજના ભુતપુર્વ વિધાર્થીઓ એ મેળાવડા દરમ્યાન હાલના વિધાર્થીઓને કારકિર્દી માર્ગદર્શન પુરૂ પાડયુ. વાલી–બેઠક દરમ્યાન તેમની મુંઝવણો તથા કોલેજને વધુ સારી ઉંચાઈ એ પહોચાડવા નું ચિંતન કરવામાં આવ્યું. ચાલુ વર્ષે રમત–ગમત સપ્તાહના વિવિધ સ્પર્ધાઓના વિજેતા તેમજ ઉપવિજેતાઓને પ્રમાણ પત્રો થી નવાજવા માં આવ્યા તેમજ ચાલુ વર્ષના 4$^{th}$ B.Pharm તથા 4$^{th}$ Sem M.Pharm ના વિધાર્થીઓને જીવનમાં સફળ થવાની શિખામણ સાથે વિધિવત વિદાય વિધાર્થીઓએ પોતાના સાંસ્કૃતિક પ્રદર્શનો થકી આપી. પ્રિ.સી.એન.પટેલે કોલેજનો વાર્ષિક અહેવાલ આપી વિધાર્થીઓને સંશોધન ક્ષેત્રે વધુ પ્રયત્નો કરવાની પ્રેરણા આપી. તથા વિજેતા વિધાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. માનનીય શ્રી જેઠાભાઈ ચૌધરી (માનંદ મંત્રી, શ્રી સાર્વજનિક કેળવણી મંડળ, મહેસાણા), ડૉ. શંકરભાઈ પટેલ (મેડીકલ ડાયરેકટર, લાયન્સ હોસ્પીટલ, મહેસાણા), શ્રી રમણભાઈ ખમાર (ઉપપ્રમુખ, શ્રી સાર્વજનિક કેળવણી મંડળ, મહેસાણા), તથા શ્રી કાંતિભાઈ પટેલ વાલી પ્રતિનીધી તરીકે "પંચામૃત–૨૦૧૦" ઉદ્દઘાટન કરતાં વિધાર્થીઓને જીવનમાં ઉતરોતર પ્રગતિ કરવા સુચન કર્યુ હતું.

# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>CPCSEA **રીજીયોનલ વર્કશોપમાં ભાગ લીધો.**</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના ફાર્માકોલોજી વિભાગના વડા પ્રો.આઈ.એસ.આનંદ, પ્રો.જે.એસ.શાહ તથા પ્રા.મનીષ પટેલ, પ્રા.કમલ મોઢ તથા પ્રા.રીના દેસાઈ એ તા. ૧૫/૦૩/૧૦ ના રોજ નિરમા યુનિવર્સિટી, અમદાવાદ ખાતે મિનીસ્ટ્રી ઓફ એન્વાયરોનમેન્ટ એન્ડ ફોરેસ્ટ, ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા, નવી દિલ્હી દ્વારા “Role of CPCSEA in Education and Research” વિષય ઉપર આયોજીત એક દિવસીય CPCSEA Regional Workshop માં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. જેમાં સંશોધન હેતુ વપરાતા પ્રાણીઓનો ઓછામાં ઓછો ઉપયોગ, તેમની સાર સંભાળ, પ્રાણીઓના વિકલ્પો તેમજ વૈજ્ઞાનિક અભિગમ સાથે દૈનિક રેકોર્ડ રાખવા વિશે સવિશેષ માહિતી આપવામાં આવી.

# પ્રેસ નોટ – ૧

## અભિનંદન

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના પ્રિન્સિપાલ ડૉ. સી.એન.પટેલ, પ્રો. આઈ.એસ.આનંદ, પ્રો. એસ.ટી.પ્રજાપતિ તથા પ્રો. પી.એસ.ડેનિયલ એ તા. ૨૬/૩/૧૦ ના રોજ Indian Pharmaceutical Association ની મહેસાણા બ્રાન્ચ દ્વારા ગણપત યુનિર્વસીટી ખાતે આયોજીત મિંટીગ માં ભાગ લીધો. કોલેજોના પ્રિન્સિપાલો, પ્રોફેસરો તેમજ નોર્થ ઝોન ફેડરેશન ઓફ કેમિસ્ટ–ડ્રગીસ્ટ એસોસિએશન ઓફ ગુજરાતના હોદેદારો પણ હાજર રહયા. જેમાં મહેસાણા બ્રાન્ચ પ્રમુખ તરીકે ડૉ. સી.એન.પટેલ, એજયુકેશન વિભાગના ચેરમેન તરીકે પ્રો.આઈ.એસ.આનંદ તથા પ્રો. એસ.ટી.પ્રજાપતિ ની આમંત્રિત સભ્ય તરીકે વરણી થવા બદલ SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

# પ્રેસ નોટ – ૨

## ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે વ્યાખ્યાન યોજાયુ

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણાના ડૉલ્બી હોલ ખાતે તા. ૨૭/૩/૧૦ ના રોજ ડૉ. હીરેન મહેતા, ગ્રુપ લીડર, કલીનીકલ રીસર્ચ, ટોરેન્ટ ફાર્માસ્યુટીકલ લીમીટેડ એ “IND, NDA and ANDA Applications” વિષય ઉપર વ્યાખ્યાનો આપ્યા. M.Pharm Sem-II ના ૫૦ વિધાર્થીઓ તેમજ સ્ટાફ મિત્રોએ નવી દવાઓના સંશોધન તેમજ તેના કલીનીકલ ટ્રાયલ વિશે વિસ્તૃત સમજ મેળવી હતી.

## <u>પ્રેસ નોટ – ૧</u>

### <u>શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ મહેસાણાનું ગૌરવ</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે ગત વર્ષ દરમ્યાન All India Council of Technical Education, New Delhi ના Quality Assurance Beauraw અંતગર્ત National Board of Accrditation ના વિશ્લેષકોની ટીમે મુલાકાત લીધેલ હતી. જે અંતગર્ત કોલેજને પોતાના માળખાકીય બંધારણ તેમજ સંચાલન આર્થિક નીતિ, કેન્દ્રીય સુવિધાઓ, સંશોધન અને શિક્ષણપધ્ધતિ, શૈક્ષણિક તથા બીન શૈક્ષણિક સ્ટાફ, શિક્ષણ નીતિ, અધતન પ્રયોગશાળાઓના સ્પષ્ટ તેમજ સુચારૂ સંચાલન ની ગુણવતા બદલ આગામી ત્રણ વર્ષ માટે પ્રમાણીત (એક્રીડીટેશન) કરેલ છે. NBA-AICTE દ્રારા પોતાની ગુણવતા બદલ સમગ્ર ગુજરાતમાં કુલ ચાર કોલેજો પૈકી શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ એક છે. આ સિધ્ધી મેળવવા બદલ શ્રી સાર્વજનિક કેળવણી મંડળ, મહેસાણા તેમજ શ્રી સાર્વનનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ગૌરવની લાગણી અનુભવે છે.

## <u>પ્રેસ નોટ – ૨</u>

### <u>અભિનંદન</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના પ્રો. ધ્રુબો જયોતિ સેન ને તા. ૨૮/૫/૧૦ ના રોજ બેંગકોક, થાઈલેન્ડ ખાતે Economic and Human Resource Development Association, New Delhi દ્રારા આયોજીત Indo-Thai Friendship Summit માં “International Glod Star Award” થી સન્માનિકત કરવામાં આવેલ છે. તદુપરાંત પ્રો. સેનને ફાર્મસી શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે ઉમદા પ્રદર્શન કરવા બદલ અન્ય સાત એવોર્ડસ મેળવવા બદલ SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>ફાર્મસી કોલેજ દ્વારા ફાર્માસીસ્ટ રીફ્રેશર કોર્ષ યોજાયો</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા દ્વારા તા. ૨૪/૦૭/૧૦ તથા ૨૫/૦૭/૧૦ ના રોજ ડીસા મુકામે ગુજરાત સ્ટેટ ફાર્મસી કાઉન્સિલ, અમદાવાદ દ્વારા અનુદાનિત બે–દીવસીય "ફાર્માસીસ્ટ રીફ્રેશર કોર્ષ" નું આયોજન કરવામાં આવ્યું. શ્રી ડી.ડી.શાહ, આસી.કમીશ્નર, ફ્રુડ એન્ડ ડ્રગ કંટ્રોલ ઓથોરીટી, ગુજરાત રાજય દ્વારા ઉદઘાટીત આ પ્રોગ્રામમાં ૧૦૦ થી વધુ રજીસ્ટર્ડ ફાર્માસીસ્ટ લાભાન્વિત થયા. નોર્થ ઝોન ફેડરેશન ઓફ કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ ના પદાધિકારીઓ તથા શિક્ષણ ક્ષેત્ર તરફથી વિદ્વાન પ્રાધ્યાપકોએ પ્રોગ્રામ માં ડ્રગ એન્ડ કંટ્રોલ એકટ, રસીકરણ, ડાયાબીટીસ રોગ નું પ્રબંધન, નોવેલ ડ્રગ ડીલીવરી સીસ્ટમ, દવાઓનું સંરક્ષણ તેમજ સુવિધાઓ, પ્રિસ્ક્રીપ્શન હેન્ડલીગ તથા લેબોરેટરી પરીક્ષણો નું અર્થઘટન જેવા મુદાઓ પર વિસ્તૃત માહિતી આપી.

# પ્રેસ નોટ – ૧

## ફાર્મસી કોલેજ ખાતે વ્યાખ્યાન યોજાયા

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૨૫/૦૮/૧૦ તથા ૨૮/૦૮/૧૦ ના રોજ અનુક્રમે જેસી દર્શન મોદી, JCI Oil City, Mehsana દ્વારા "વ્યકિતત્વ વિકાસ–સ્વર્ણિમ ભવિષ્ય" તથા ડૉ. કનૈયાલાલ એમ બારોટ, પ્રોફેસર, શ્રીમતિ એ.એમ.ચૌધરી મહિલા આર્ટસ એન્ડ હોમસાયન્સ કોલેજ, મહેસાણા દ્વારા સ્વર્ણિમ ગુજરાત ઉજવણી નિમિતે વાંચે ગુજરાત – મારૂ પ્રિય પુસ્તક કાર્યક્રમ અંતગર્ત પ્રસિધ્ધ નવલકથાકાર શ્રી પન્નાલાલ પટેલ લિખિત "માનવીની ભવાઈ" પુસ્તક ઉપર વ્યાખ્યાન આપ્યા. જેમાં કોલેજના 1st Sem, 3rd Sem તથા 4th sem ના વિધાર્થીઓ જીવનમાં ઉચ્ચતમ ઘ્યેય પ્રાપ્તિ, તથા અલગ અલગ રૂચિનુસાર પુસ્તકો વાંચવાની તથા તેમનું નિરૂપણ કરવાની પ્રેરણા મેળવી હતી.

# <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>અભિનંદન</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે 4th Year B.Pharm માં અભ્યાસ કરતા વિધાર્થી રવી એન. પટેલે તાજેતરમાં તા. ૨૦–૨૧ ઓગસ્ટ ૨૦૧૦ ના રોજ કે.બી.ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ દ્વારા આયોજીત "APOCALYPSE 2010" દરમ્યાન "Metabolic Engineering of Micro organisms – General Strategies and Drug Production" વિષય ઉપર મૌલિક અહેવાલ પત્ર (Review Article) રજુ કરી દ્વિતિય ક્રમાંક મેળવવા બદલ SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

## <u>પ્રેસ નોટ – ૧</u>

### <u>ફાર્મસી કોલેજ ખાતે વ્યાખ્યાન યોજાયો</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૦૯/૦૯/૧૦ જેસી દીપીકા મહેતા, JCI, North Ahmedabad “Time Mangement” વિષય ઉપર વ્યાખ્યાન આપ્યુ. JCI Oil City, Mehsana ના સહયોગ દ્વારા આયોજીત વ્યાખ્યાનમાં કોલેજના 3rd Sem તથા 5th Sem B.Pharm ના વિદ્યાર્થીઓએ સત્રની શરૂઆતથી યોગ્ય સમયનું આયોજન તથા તેની ઉપયોગીતા દ્વારા ઉત્કૃષ્ટ પ્રદર્શન કરવાની પ્રેરણા લીધી હતી.

## <u>પ્રેસ નોટ – ૨</u>

### <u>Orientation Programme યોજાયા</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા દ્વારા તા. ૧૩/૦૯/ ૧૦ ના રોજ એમ.ફાર્મ તથા બી.ફાર્મના નવોદિત વિદ્યાર્થીઓ માટે "Orientation Programme for M.Pharm Sem-I and B.Pharm Sem-I" પ્રોગ્રામ યોજાયો. શ્રી સાર્વજનિક કેળવણી મંડળના માનનીય મંત્રી શ્રી જે.એમ.ચૌધરીની અધ્યક્ષતા હેઠળના આ પ્રોગ્રામ માં ડાૅ. શીવપ્રકાશ રત્નમ, સીન્ક્રોન રીસર્ચ લીમીટેડ, અમદાવાદ તથા શ્રી વિપુલ પટેલ, એસ્ટ્રા લાઈફ કેર (ઈન્ડિયા) લીમીટેડ, અમદાવાદ અને ડાૅ હીતેન શાહ, ટોરેન્ટ રીસર્ચ સેન્ટર, અમદાવાદ મુખ્ય વકતા તરીકે હાજર રહી નવોદિત વિધાર્થઓને ફાર્મસી ક્ષેત્રની ઉજવળ તકો તથા તેના રોજગાર લક્ષી વિવિધ પાસાઓ વિષેની વિસ્તૃત ચર્ચા દ્વારા વિધાર્થીઓને પ્રોત્સાહન તેમજ અભિનંદન આપ્યા હતાં.

## <u>પ્રેસ નોટ – ૩</u>

### <u>ફાર્મસી કોલેજ મહેસાણા ખાતે “Teacher Day 2010” નું આયોજન</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૧૪/૦૯/૧૦ ના રોજ “Teacher’s Day 2010” નું આયોજન કરાયું. જેમાં વિધાર્થીઓએ સ્વ શિક્ષણ કાર્ય કર્યુ. તથા વિવિધ સાંસ્કૃતિક જેવી કે પ્રશ્નોતરી, ગીત સ્પર્ધા, મીમીક્રી તથા પ્રાધ્યાપક ગણ માટે “One Minute Game” દ્વારા મનોરંજન પુરૂ પાડયુ. અંતે તમામ વિજેતા વિધાર્થીઓને પુરસ્કૃત કરી શિક્ષક દિન ની શાનદાર ઉજવણી કરી હતી.

## <u>પ્રેસ નોટ – ૪</u>

### <u>અભિનંદન</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે બી.ફાર્મ સેમ–પ માં અભ્યાસ કરતા કુ. પ્રિયા પટેલ તેમજ કુ. કીજલ એસ પટેલેએ તા. ૧૮–૧૯ સપ્ટેમ્બર ૨૦૧૦ દરમ્યાન ધર્મજ ડીગ્રી ફાર્મસી કોલેજ ખાતે “ABVP દ્વારા આયોજીત Pharm Vision 2020 – Indian Pharmacists A Hope for Healthy Nation” કોન્ફરન્સમાં મોડેલ વિધાગમાં “Scott Volumeter” નું સક્રીય મોડેલ રજુ કરી તૃતીય ક્રમાંક મેળવવા બદલ SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા.

## <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજનું ગૌરવ</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે એમ.ફાર્મ સેમ–૩ માં અભ્યાસ કરતા શ્રી સંજય બોરીસાગર તા. ૨૬/૦૯/૧૦ ના રોજ "વર્લ્ડ હાર્ટ ડે" નિમિતે મલ્ટી ડીસીપ્લીનરી સાંઈ ક્રિષ્ના હાઈટેક હોસ્પિટલ એન્ડ રીસર્ચ ઈન્સ્ટિટ્યુટ, મહેસાણા દ્વારા આયોજીત Painting Competition માં "સેવ હાર્ટ" વિષય ઉપર મૌલિક ચિત્ર રજુ કરી પ્રથમ ક્રમાંક મેળવવા બદલ SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

## <u>પ્રેસ નોટ –૨</u>

## <u>શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજનું ગૌરવ</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના પ્રાધ્યાપક શ્રી ભાવિકકુમાર એન. પટેલે "Development & Evaluation of Peroral Modified Release Dosage Form of CNS Drugs" વિષય ઉપર પ્રિન્સિપાલ ડૉ. સી.એન.પટેલ ના માર્ગદર્શન હેઠળ શોધ નિંબધ રજુ કરી હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિર્વસીટી, પાટણ માંથી વિદ્યા વાચસ્પતિ (Ph.D) ની પદવી પ્રાપ્ત કરવા બદલ SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

26/10/10

## <u>પ્રેસ નોટ – ૧</u>

## <u>સાર્વજનિક ફાર્મસી કોલેજ ખાતે ગરબા મહોત્સવની ઉંજવણી</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૨/૧૦/૧૦ ના રોજ “Pharma Ramzat 2010” પ્રોગ્રામ યોજાયો. જેમાં કોલેજના એમ.ફાર્મ તથા બી.ફાર્મ ના વિદ્યાર્થીઓ તેમજ કોલેજ સ્ટાફ પરિવાર સાથે સુર–તાલ ના સથવારે ઝુમી ઉઠયા અને ગરબા રમઝટના અંતે વિદ્યાર્થીઓને વિવિધ ઈનામો તથા પ્રિ. સી.એન.પટેલ તેમજ પ્રોફેસર ડૉ. જે.બી.દવે તરફથી લ્હાણી આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં.

## <u>પ્રેસ નોટ – ૨</u>

## <u>સાર્વજનિક ફાર્મસી કોલેજ ખાતે“Pharma Champ 2010” યોજાયો</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૯/૧૦/૧૦ ના રોજ રાજય કક્ષાનો બેડમિન્ટન તથા ટેબલ ટેનિસ (સીંગલ્સ) રમતો માટેની “Pharma Champ 2010” સ્પર્ધા વણીકર કલબના સહયોગથી યોજાઈ. જેમાં રાજયની ૧૩ વિવિધ ફાર્મસી કોલેજ માંથી ૬૩ સ્પર્ધકોએ ભાગ લીધેલ. રમતના અંતે વિજેતા તથા ઉપવિજેતા વિદ્યાર્થીઓ તથા સ્ટાફ મિત્રોને સમારંભના મુખ્ય મહેમાન ડૉ. જી.કે.પટેલ અને આમંત્રિત મહેમાન શ્રી રમણભાઈ ખમાર, શ્રી ગીરીશભાઈ દેસાઈ, ડૉ. આઈ.એસ.આનંદ તેમજ પ્રિ. સી.એન.પટેલ ના વરદ હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી.

24/11/10

# <u>પ્રેસ નોટ –૧</u>

## <u>શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજનું ગૌરવ</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના પ્રાધ્યાપક શ્રી આર. બદમનાભને "Phytochemical Screening and Investigation on Pharmacological Activity of Leaf extracts of Lagenaria Siceraria" વિષય ઉપર પ્રિન્સિપાલ ડાૅ. સી.એન.પટેલ ના માર્ગદર્શન હેઠળ શોધ નિંબધ રજુ કરી હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિર્વસીટી, પાટણ માંથી વિદ્યાવાચસ્પતિ (Ph.D) ની પદવી પ્રાપ્ત કરવા બદલ SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

27/11/10

# <u>પ્રેસ નોટ –૧</u>

## <u>ફાર્મસી કોલેજ દ્વારા ફાર્મા રેલી નું આયોજન કરાયું</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૨૫/૧૧/૧૦ ના રોજ Indian Pharmaceutical Association ની મહેસાણા બ્રાન્ચ દ્વારા નેશનલ ફાર્મસી વીક–૨૦૧૦ ઉજવણીના ભાગરૂપે બેનર્સ, પ્લેકાર્ડ સાથે Pharma Rally નું આયોજન કરાયું. જેમાં આજુબાજુ ના વિસ્તાર ની પાંચ કોલેજના વિભાર્થીઓ તથા મહેસાણા કેમીસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એશોશિયેશન ના સભ્યો દ્વારા મહેસાણાના જુદાજુદા વિસ્તારોમાં આ રેલી થકી “Safety First with Medicines Ask your Pharmacist” વિષય ઉપર દવાઓ વિશે લોક જાગૃતિ લાવવાનો નમ્ર પ્રયાસ કરવામાં આવ્યો.

04/12/10

# <u>પ્રેસ નોટ –૧</u>

## <u>સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે રકતદાન કેમ્પ યોજાયો</u>

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૨૫/૧૧/૧૦ ના રોજ Indian Pharmaceutical Association પ્રેરીત "49$^{th}$ National Pharmacy Week-2010" ઉજવણી નિમિતે રોટરી કલબ, મહેસાણા સંચાલીત બ્લડ બેંક ના સહયોગથી રકત દાન કેમ્પ યોજયો. જેમાં વિધાર્થીઓ, સ્ટાફ મિત્રો દ્વારા ૪૧ યુનિટ રકત એકત્રિત કરી "Donate Blood, Save Lives" નું સુત્ર ચરિતાર્થ કર્યુ હતું.

22/01/11

# <u>પ્રેસ નોટ –૧</u>

## <u>શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજનું ગૌરવ</u>

હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિવર્સિટી દ્વારા "વાંચે ગુજરાત" અંતર્ગત યુનિવર્સિટી કક્ષાએ શ્રેષ્ઠ વાંચક સ્પર્ધાનું આયોજન હેમ.ઉ.ગુજરાત યુનિવર્સિટીના લાયબ્રેરી વિભાગ, પાટણ ખાતે તા. ૧૮/૦૧/૧૧ ના રોજ રાખવામાં આવેલ. જે સ્પર્ધામાં ઉતર ગુજરાત યુનિવર્સિટી સાથે સંકળાયેલ તમામ કોલેજોએ ભાગ લીધેલ. આ સ્પર્ધામાં મહેસાણાની સાર્વજનિક ફાર્મસી કોલેજમાં ચતુર્થ વર્ષ બી.ફાર્મ માં અભ્યાસ કરતા અપુર્વ રાજકિશોર બારોટે દ્વિતિય નંબર મેળવી પુરસ્કાર અને પ્રમાણપત્ર મેળવી સાર્વજનિક ફાર્મસી કોલેજનું ગૌરવ વધારેલ છે તે બદલ હાર્દિક અભિનંદન.

## પ્રેસ નોટ –૧

## શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજનું ગૌરવ

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના સહ પ્રાધ્યાપક શ્રી હિતેશ વિનોદભાઈ ચાવડાએ "Superporous Hydrogel Based Drug Delivery Systems" વિષય ઉપર પ્રિન્સિપાલ ડૉ. સી.એન.પટેલ ના માર્ગદર્શન હેઠળ શોધ નિંબધ રજુ કરી હેમચંદ્રાચાર્ય ઉતર ગુજરાત યુનિર્વસીટી, પાટણ માંથી વિદ્યાવાચસ્પતિ (Ph.D) ની પદવી પ્રાપ્ત કરવા બદલ SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

## પ્રેસ નોટ –૨

## શ્રી સાર્વજનિક ફાર્મસી દ્વારા સંશોધન પત્રો રજુ કરાયા

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે ચતુર્થ વર્ષ બી.ફાર્મમાં અભ્યાસ કરતાં શ્રી રવિ એન. પટેલ, શ્રી પ્રતિક આર. ચૌધરી, કું. પુનમ એન. પરીખ, કું. ભકિત જે કટારમલ તથા કું. હીમા એલ. કંજારીયા એ તા. ૯–૧૦ ડીસેમ્બર ૨૦૧૦ દરમ્યાન જાદવપુર યુનિવર્સિટી, કોલકતા ખાતે આયોજીત "International Conference on Fundamental and Applications of Nano Science and Technology" માં ભાગ લઈ પોતાના સંશોધન પત્રો રજુ કર્યા. આ કોન્ફરન્સમાં દેશ–વિદેશથી ૩૦૦ જેટલા પ્રતિનિધીઓ એ નેનો સાંયન્સ વિશે જ્ઞાન–ગોષ્ઠિ કરી હતી.

## પ્રેસ નોટ –૧

## શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ ખાતે મહત્વની સભા યોજાઈ

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૮/૧/૨૦૧૧ ના રોજ Governing Council તથા Committee for Advancement in Research and Education ની મીટીગ યોજાઈ. જેમાં ડૉ. એમ.સી.ગોહ.લ (પ્રિન્સિપાલ, એલ.એમ.કોલેજ ઓફ ફાર્મસી, અમદાવાદ), પ્રો.શીવ રાઠોડ (પ્રોફેસર, એમ.એસ.યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા) તથા ડૉ. પારલુપ ભટ્ટ (એશોસિયેટ પ્રોફેસર, એલ.એમ.કોલેજ ઓફ ફાર્મસી, અમદાવાદ) તથા કોલેજના પ્રાધ્યાપકો હાજર રહી કેન્દ્ર સરકારની વિવિધ અભ્યાસલક્ષી યોજનાઓ તથા ફાર્મસી ક્ષેત્રે શિક્ષણમાં જરૂરી સુધારા વિશે જ્ઞાન ગોષ્ઠિ કરી હતી.

## પ્રેસ નોટ –૨

## શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજનું ગૌરવ

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ના ચતુર્થ વર્ષ બી.ફાર્મમાં અભ્યાસ કરતા વિધાર્થી અપુર્વ આર. બારોટ એ શ્રી સાર્વજનિક એજયુકેશન કોલેજ, મહેસાણા દ્વારા વકતૃત્વ કળા ક્ષેત્રે આયોજીત વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી “સ્વામી વિવેકાનંદ જન્મજયંતિ રનિંગ ટ્રોફી” ના વિજેતા થવા બદલ તથા વિનોદ જોષીને આ સ્પર્ધામાં તૃતીય સ્થાન પ્રાપ્ત કરવા બદલ SSPC પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન.

## પ્રેસ નોટ –૩

## શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા દ્વારા ટેકનીકલ ટુર યોજનઈ

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા દ્વારા તા. ૧૮/૧/૨૦૧૧ ના રોજ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, અમદાવાદ ના નિર્દેશાનુસાર વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૧ સમિટ ઉપક્રમે નવર્નિમીત મહાત્મા મંદિર,ગાંધીનગર ખાતે યોજાયેલ પ્રદર્શન માટે 4$^{th}$ Sem, 6$^{th}$ Sem તથા Final Year B.Pharm ના વિધાર્થીઓએ તથા સ્ટાફ મિત્રોએ ટેકનીકલ ટુર યોજી.

## પ્રેસ નોટ –૪

## શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ ખાતે વ્યાખ્યાન યોજાયું.

શ્રી સાર્વજનિક ફાર્મસી કોલેજ, મહેસાણા ખાતે તા. ૮/૧/૨૦૧૧ ના રોજ ડૉ. હીશેન મહેતા, સીનીયર મેડીકલ રાઈટર, કેન્ડલ ઈન્ટરનેશનલ લીમીટેડ, અમદાવાદ દ્વારા “કલીનીકલ ફાર્મકોક્રાઈનેટીકસ્ એન્ડ ડોસેઝ કેલ્કયુલેશન્સ” વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું. એમ.ફાર્મ સેમ–૧ ના વિધાર્થીઓ આ વ્યાખ્યાનથી લાભાવન્તિત થયા હતા.